દાખલ તારીખ :- ૨૩/૦૫/૨૦૧૯

રજીસ્ટર તારીખ :- ૨૩/૦૫/૨૦૧૯

નિકાલ તારીખ :- ૦૮/૦૫/૨૦૨૪

વીતેલો સમય :- વર્ષ માસ દિન

**<u>આણંદ જીલ્લાના મહેરબાન સ્પેશ્યલ (એન.ડી.પી.એસ) જજ સાહેબની અદાલતમાં,</u>**

**<u>સ્પેશ્યલ (એન.ડી.પી.એસ) કેસ નંબર :૧/૨૦૧૯</u>**

**<u>સ્પેશ્યલ (એન.ડી.પી.એસ) કેસ નંબર :૨/૨૦૧૯</u>**

**<u>સ્પેશ્યલ (એન.ડી.પી.એસ) કેસ નંબર :૩/૨૦૧૯</u>**

**<u>આંક-</u>**

**શ્રી સરકાર** ... ફરીયાદી

**<u>વિરૂધ્ધ</u>**

(૧) **મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈ નઝીરોદ્દીન કાઝી,**
રહે.પેટલાદ, મદનીચોક, મુસાફીર કબ્રસ્તાન જગ્યામાં,
તા. પેટલાદ, જી.આણંદ.

(૨) **ઈશાક ઉર્ફે બાબા કી ધુમ ભીખુભાઈ ખલીફા,**
રહે. અમીના મંજીલ, નવીચાલ, રેલ્વે સ્ટેશન પાસે, આણંદ.
હાલ રહે. સુબેદાર કમ્પાઉન્ડ અસ્મતભાઈ શેખના મકાનમાં,
અકોટા, મું.તા.જી.વડોદરા.

(૩) **તૌસીફબેગ ઉર્ફે પેન્તો ચાસીનબેગ ઉર્ફે મુન્નાભાઈ મીરઝાં,**
રહે. જુના દાદર વ્હોરવાડ ગલી, આણંદ, તા.જી.આણંદ. આરોપીઓ

**આરોપ :-** <u>એન.ડી.પી.એસ. એકટની કલમ- ૮(સી), ૨૦(બી), (૨)મુજબ.</u>

**સમક્ષ :–**શ્રી એસ.એમ. ટાંક, સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ), પેટલાદ.

ફરીયાદપક્ષ તરફે વિ.ડી.જી.પી. શ્રી એન.પી.મહીડા.

એન.ડી.પી.એસ કેસ નંબર–૧/૧૯, ૨/૧૯ આરોપીઓ તરફે વિ.વ. શ્રી એમ.એચ.શેખ.

એન.ડી.પી.એસ કેસ નંબર–૩/૧૯ના આરોપી તરફે વિ.વ. શ્રી એમ.એન.રોહીત.

**–::ઠરાવ::–**

(૧) આ કામના ત્રણ આરોપીઓ ઉપર એક જ ગુના સબબનો આક્ષેપ હોય અને એક જ ગુના સબબના ત્રણ જુદાં જુદાં ચાર્જશીટ થયેલા હોય ગુનાનો ઉદભવ એક જ કેસમાંથી થયેલો હોય તમામ કેસોનો પુરાવો એક જ કેસમાં નોંધી સંયુકત ચુકાદો જાહેર કરવામાં આવેલો છે.

(૨) આ કામના આરોપીઓ ઉપર એન.ડી.પી.એસ.કેસ નંબર ૧/૨૦૧૯ અને ૨/૨૦૧૯ માં આંક–૧૬ થી જયારે એન.ડી.પી.એસ. કેસ નંબર ૩/૨૦૧૯ માં આંક–૧૦ થી એવું તહોમત મુકવામાં આવેલું છે કે, તા. ૨૭/૦૩/૨૦૧૯ ના રોજ કલાક ૧/૦૦ ના સુમારે મોજે પેટલાદ મદની ચોક પાસે આવેલ મુસાફરી કબ્રસ્તાનની જગ્યામાં એન.ડી.પી.એસ.નો જથ્થો આરોપી ઈશાક ખલીફા ઉર્ફે બાવાકી ધુમ, તૌસીફબેગ ઉર્ફે પેન્તો યાસીનબેગ ઉર્ફે મુન્નાભાઈ મીરઝાં તથા નાસતાં ફરતાં આરોપી રહીમ ચાચા ઉર્ફે છાતી નાઓ પાસેથી વગર પાસ પરમીટનો ચરસનો જથ્થો આરોપી એન.ડી.પી.એસ. કેસ નંબર–૧ /૨૦૧૯ના મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈ નઝીરોદ્દીન કાઝીનાઓએ મેળવી પોતાના રહેણાંક ઘરે લાવી રાખતા તા. ૨૭/૦૩/૨૦૧૯ ના રાતના સુમારે એસ.ઓ.જી. આણંદનાઓએ રેઈડ કરતાં આરોપી મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈ નઝીરોદ્દીન કાઝીના અંગ કબજામાં એક પ્લાસ્ટીકની કોથળીમાં ચરસ કુલ ૩૪.૬૦૦ ગ્રામનો જથ્થો કુલ્લ કિંમત રૂપીયા ૩, ૪૬૦/– તથા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં આવેલ લાકડાના પેટી પલંગમાંથી એશીયન પેઈન્ટસ કલરની પાંચ કીલોની સફેદ કલરની ડોલમાં ૭૫૮.૨૬૦ ગ્રામ ચરસનો જથ્થો કિંમત રૂપીયા ૭૫, ૮૨૬/– નો મુદામાલ મળી આવી એકબીજાની મદદગારી કરી

પકડાઈ જઈ જે સબબ આરોપીઓએ એન.ડી.પી.એસ. એકટની કલમ ૮(સી), ૨૦(બી)(૨) નો ભંગ કરી શિક્ષાને પાત્ર ગુનો કરેલો.

(૩) ફરીયાદપક્ષના કેસ પ્રમાણે કહેવાતી રેઈડમાં પી.એસ.આઈ.શ્રી નરેન્દ્રભાઈ ધનજીભાઈ નકુમ સામેલ હતાં. રેઈડ કાર્યવાહી પુર્ણ થયા બાદ તેઓએ હાથ ઉપરની ફરીયાદ જાહેર કરેલી. તેઓની ફરીયાદ હકીકત મુજબ તેઓ આણંદ જીલ્લામાં એસઓજી શાખામાં પો.સ.ઈ. તરીકે ફરજ બજાવતો હતા ત્યારે તેઓ તથા પો.ઈ. વી.કે.ગઢવી તથા એસઓજી સ્ટાફના પોલીસના માણસો તા. ૨૬/૩/૨૦૧૯ ના રોજ આણંદ જીલ્લામાં પેટ્રોલીંગમાં હોઈ ફરતા ફરતા પેટલાદ ચોકડી ખાતે પહોચ્યાં, ત્યારે પો.કો. રાજનસીંહ ને બાતમી મળેલ કે પેટલાદ ખાતે મુસાફીર કબ્રસ્તાનમાં રહેતા એક ઈસમ જેણે સફેદ લેંગો તથા કફની પહેરેલ હોય અને માથે મુસ્લીમ ટોપી પહેરેલ હોય તેવો ચરસનો ગેરકાયદેસર વેચાણ કરતા હોય તેવી હકીકત મળેલી. જેથી તેઓ તથા પો.ઈ. ગઢવી તથા એસઓજી પોલીસના માણસો પેટલાદ પોલીસ સ્ટેશને આવીને રાજનસિંહે તેઓને મળેલી બાતમી હકીકતનો લેખીતમાં રીપોર્ટ પો.ઈ.શ્રી ને આપેલ. તે બાતમી હકીકત રીપોર્ટ પી.આઈ.શ્રી ગઢવી એ મહે.પોલીસ અધીક્ષકશ્રીનાઓને મુદામ પો.કો.અનિરૂધ્ધસિંહ રાજસિંહ ધ્વારા મોકલી આપેલ તે અંગેની પો.સ્ટેશન ખાતે સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરાવેલી. રેઈડ અંગે સાથેના પો.કો. આરીફમીયા દ્રારા નજીકમાંથી બે પંચો બોલાવડાવી બાતમી હકીકતની સમજ કરી રેડને લગતી તમામ સામગ્રીઓ તપાસી બાતમી વાળી જગ્યાએ રેડ કરવા સારુ પો.ઈ. તથા સાથેના માણસો સાથે સરકારી વાહન તથા ખાનગી વાહનમાં રવાના થઈ બાતમી વાળી જગ્યાએ પહોચતા બાતમી વર્ણન વાળો ઈસમ જગ્યા પર હાજર હોઈ પંચો રુબરુ તેનુ નામઠામ પુછતા તેઓએ પોતાનુ નામ મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈના હોવાનુ જણાવતા તેઓને બાતમી હકીકતની જાણ કરી પોતાની તથા તેમના ઘરની તલાશી લેવાની હોઈ એનડીપીએસ એકટના મેન્ડેટરી ઠરાવો કરી સદરહુ ઈસમને ચેક કરતા તેમના જમણા ખીસ્સામાંથી ૧૫૦/– રુપીયા તથા પેટલાદ કાઉન્સીલરનુ આઈ કાર્ડ મળેલ તથા ડાબા ખીસ્સામાંથી એક સેમસંગ કંપનીનો મોબાઈલ મળેલ અને નેફાના ભાગે ચેક કરતા એક

પ્લાસ્ટીક પારદર્શક કોથળીમાંથી કાળા કલરના ટુકડા મળેલા. ત્યારબાદ તેના રહેણાક મકાનની તલાશી લેતા મુખ્ય ઓરડામાંથી પેટી પલંગમાં એક એશીયન પેઈંટની ડોલ મળી આવેલ. જેની અંદર પાંચ કાળા કલરના અલગ અલગ ગઠ્ઠાઓ હોઈ પો.ઈ.શ્રી નાઓ દ્રારા કંટ્રોલ રુમને જાણ કરી એફએસએલ અધીકારીને સ્થળ પર પધારવા જણાવેલ. સદરહુ રહેણાક મકાનની ઓસરીના ભાગે તપાસ કરતા એક વજન કાંટો મળી આવેલ, જે વજન કાંટા બાબતે સદરહુ ઈસમને પુછપરછ કરતા આ ચરસના ગઠ્ઠા વજન કરવા માટે રાખેલ હોવાનુ જણાવેલ. ત્યારબાદ એફએસએલ અધીકારીશ્રી સ્થળ પર આવી પોતાની એનડીપીએસ કીટ દ્રારા પરીક્ષણ કરી સદરહુ ગઠ્ઠાઓ ચરસના હોય એફએસએલ અધીકારીની સુચના મુજબ અલગ અલગ સેમ્પલ કબજે કરેલ. સાથેના પો.કો. દ્રારા વજન કાટા સાથે સોનીને બોલાવી સદરહુ વ્યકતીના કબજામાંથી મળેલ ચરસ જેવા પદાર્થનુ વજન કરતા ૩૪.૬૦૦ ગ્રામ જેટલુ થયેલુ તથા પેટી પલંગમાંથી ડોલમાંથી મળેલ પદાર્થનુ વજન ૭૫૮ ગ્રામ જેટલુ આશરે થયેલ. એફએસએલ અધીકારીની સુચના મુજબ અલગ અલગ સેમ્પલો કબજે કરી પો.ઈ.શ્રી એસઓજીના હોદ્દા વાળો સીલ કરી કબજે કરેલ. સદરહુ ઈસમ પાસે ચરસ વેચાણ બાબતે કોઈ પાસ પરમીટ માંગતા તેમની પાસે ન હોય આ અંગેની પેટલાદ ટાઉન પો.સ્ટે. આવી સદરહુ ઈસમ વીરુધ્ધ કાયદેસરની સરકાર તર્ફે પો.ઈ. વી.કે.ગઢવી રુબરુ ફરીયાદ આપેલ.જે ફરીયાદ ની તપાસ દરમ્યાન આરોપી નંબર-૨ અને આરોપી નંબર-૩ ની સંડોવણી જાહેર થયેલી. આ અંગે લાગતા વળગતા સાહેદોના નિવેદનો, પંચનામાઓ, તોલાર્ટ તથા એફ.એસ.એલ.ના અહેવાલ તેમજ કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો એફએસએલ પૃથ્થકરણ અહેવાલ આવી જતાં આરોપીઓ વિરૂધ્ધ ચાર્જશીટ કરવામાં આવેલું.

(૪) આરોપીઓ સામે ચાર્જશીટ દાખલ થયા બાદ આરોપીઓ અદાલત સમક્ષ હાજર થતાં, તેઓને પોલીસ તપાસના કાગળોની નકલો મળ્યાની ખાત્રી કર્યા બાદ તેઓ વિરૂધ્ધ એન.ડી.પી.એસ. એકટની કલમ-૮(સી), ૨૦(બી)(૨) મુજબના ગુન્હા દર્શાવતું તહોમતનામુ અનુક્રમે આંક-૧૦ તથા આંક-૧૬ થી ફરમાવેલુ. આરોપીઓ

એ તહોમતનો ઈનકાર કરી કેસ આગળ ચલાવવાની માંગણી કરતા આરોપીઓ સામેનો કેસ સાબીત કરવા ફરીયાદપક્ષનો પુરાવો રજુ કરવા માટે મુકરર કરવામાં આવેલો.

(૫) ફરીયાદપક્ષે આરોપી સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના સાહેદો તપાસેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | વિશાલભાઈ ઈશ્વરભાઈ પટેલ<br>(આંક–૨૮ થી આંક–૩૨વાળા પંચનામાનાપંચ સાહેદ) | ૨૭ |
| ૨ | ગૌતમભાઈ ભીખાભાઈ ભોઈ<br>(આંક–૨૮ થી આંક–૩૨વાળા પંચનામાનાપંચ સાહેદ) | ૩૭ |
| ૩ | રૂપલબેન જગદીશભાઈ વાયડા (સાયન્ટીફીક ઓફીસર, ગાંધીનગર) | ૩૮ |
| ૪ | ગીરીરાજ બહાદુરસિંહ ડોડીયા(રીડર પી.એસ.આઈ.) | ૫૬ |
| ૫ | ભાવેશભાઈ ગીરીશભાઈ સોની (મુદામાલનું વજન કરનાર) | ૬૩ |
| ૬ | સૌરભ મહેન્દ્રરાય આચાર્ય (સાઈન્ટીફીક ઓફીસર) | ૬૬ |
| ૭ | નરેન્દ્ર ધનજીભાઈ નકુમ (ફરીયાદી) | ૭૨ |
| ૮ | મહેશભાઈ બીપીનભાઈ વસાવા<br>(આંક–૭૬વાળા પંચનામાના પંચસાહેદ) | ૭૫ |
| ૯ | વાસુદેવ હકુમલ છતવાણી (આંક–૭૮વાળા પંચનામાના પંચસાહેદ) | ૭૭ |
| ૧૦ | રસીકભાઈ ડાહયાભાઈ રાઠોડ(આંક–૭૮વાળા પંચનામાના પંચસાહેદ) | ૭૯ |
| ૧૧ | ઉમરભાઈ જીમ્મીભાઈ ભીસ્તી (આંક–૭૬વાળા પંચનામાના પંચસાહેદ) | ૮૧ |
| ૧૨ | નરેશભાઈ રમેશભાઈ વસાવા (આંક–૮૫વાળા પંચનામાના પંચસાહેદ) | ૮૪ |
| ૧૩ | નીરંજનકુમાર રમણ ભાઈ પરમાર<br>(મુદ્દામાલ એફએસએલ, ગાંધીનગર ખાતે લઈ જનાર) | ૮૭ |
| ૧૪ | નીલોફરબેન બફાતીશા દીવાન (ક્રાઈમ રાઈટર, પેટલાદ ટાઉન) | ૮૮ |

NEXT PAGE : 6

| | | |
|---|---|---|
| ૧૫ | રમતુભાઈ શનાભાઈ સોલંકી (ગુનો નોંધનાર) | ૯૨ |
| ૧૬ | લાઘુજી ઢગલાજી વણઝારા<br>(આરોપી ઈશાક ઉર્ફે બાબની ધરપકડ કરનાર) | ૯૬ |
| ૧૭ | મુકેશકુમાર જયદેવભાઈ બારોટ(આરોપી તોસીફબેગ ની ધરપકડ કરનાર) | ૧૦૧ |
| ૧૮ | રમતુભાઈ શનાભાઈ સોલંકી (ગુનો દાખલ કરનાર) | ૧૦૩ |
| ૧૯ | સુરેન્દ્રસિંહ ગણપતસિંહ માંગરોલા (તપાસ કરનાર અધિકારી) | ૧૦૮ |
| ૨૦ | નટવરભાઈ માનાભાઈ આહીર (તપાસ કરનાર અધિકારી) | ૧૧૪ |
| ૨૧ | વિષ્ણુદાન ખુમદાન ગઢવી(રેઈડીંગ પાર્ટીના સભ્ય) | ૧૧૬ |
| ૨૨ | દશરથસિંહ સંગ્રામસિંહ ગોહીલ (તપાસ કરનાર અધિકારી) | ૧૨૭ |

(૬) ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે નીચે મુજબના દસ્તાવેજી પુરાવાઓ રજૂ કરેલા છે.

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧ | રેઈડ અંગેનું પંચનામુ | ૨૮ |
| ૨ | કલમ–૪૨ ના ઠરાવની સ્થળપ્રત | ૨૯ |
| ૩ | કલમ–૫૦ ના ઠરાવની સ્થળપ્રત | ૩૦ |
| ૪ | સીઝર મેમાની સ્થળપ્રત | ૩૧ |
| ૫ | અટક કર્યા અંગેની સ્થળપ્રત | ૩૨ |
| ૬ | પંચ સ્લીપો | ૩૩ થી ૩૬ |
| ૭ | એફ.એસ.એલ.નો અહેવાલ | ૩૯ |
| ૮ | નારકોટીકસ વિભાગનો બોટોનીકલ અહેવાલ | ૪૦ |
| ૯ | ડીએફએસના અધિકારીએ તૈયાર કરેલ ફોરવડીંગ પત્ર | ૪૧ |

| | | |
|---|---|---|
| ૧૦ | પંચ સ્લીપો | ૪૨ થી ૪૫ |
| ૧૧ | એફ.એસ.એલ.માં મુદ્દામાલ સ્વીકાર્યા અંગેની પહોંચ | ૪૬ |
| ૧૨ | અધિકૃત પત્ર | ૫૭ |
| ૧૩ | રેઈડ કરવા બાબતનો રિપોર્ટ | ૫૮ |
| ૧૪ | બાતમીની જાણ કરવા બાબતનો રીપોર્ટ | ૫૯ |
| ૧૫ | અસલ બાતમી | ૬૦ |
| ૧૬ | ગુરૂકૃપા જ્વેલર્સનો લેટરપેડ | ૬૪ |
| ૧૭ | સ્થળપરિક્ષણ અહેવાલ | ૬૭ |
| ૧૮ | ફરીયાદ | ૭૩ |
| ૧૯ | આરોપી તોસીફબેગ ઉર્ફે પૈંતોની શરીર સ્થિતી નું પંચનામુ | ૭૬ |
| ૨૦ | મુદામાલ ફોરવ્હીલ કબજે કર્યાનું પંચનામું | ૭૮ |
| ૨૧ | આરોપી ઈસાક ઉર્ફે ધુમની શરીર સ્થિતિનું પંચનામુ | ૮૬ |
| ૨૨ | મુદામાલ રજીસ્ટર પાનાની નકલ | ૮૯ |
| ૨૩ | સ્ટેશન ડાયરીના પાનાની નકલ | ૯૩ |
| ૨૪ | સુચિપત્ર | ૯૪ |
| ૨૫ | પો.ઈ. આણંદનાઓને કરેલ રીપોર્ટ | ૧૦૨ |
| ૨૬ | સ્ટેશન ડાયરીના પાનાની નકલ | ૧૦૪, ૧૦૫ |
| ૨૭ | પો.ઈ.ડીસીબી પોલીસ સ્ટેશન, ક્રાઈમ બ્રાંચ વડોદરાનાઓને કરેલ ચાદી | ૧૦૯ |
| ૨૮ | બાતમીની સ્થળપ્રત | ૧૧૭ |
| ૨૯ | બાતમીની જાણ કરતી ચાદી | ૧૧૮ |
| ૩૦ | પોલીસ અધિક્ષકશ્રી, આણદને બાતમીની જાણ કરતી ચાદી | ૧૧૯ |

| | | |
|---|---|---|
| ૩૧ | પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનને ડાયરીમાં નોંધ કરવા કરેલ રીપોર્ટ | ૧૨૦ |
| ૩૨ | પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનને ગુનો દાખલ કરવા સારૂ કરેલ રીપોર્ટ | ૧૨૧ |
| ૩૩ | ટેલીફોન વર્ધી | ૧૨૨ |
| ૩૪ | ફોર્મ–એફ | ૧૨૮ |
| ૩૫ | મુદામાલ રવાનગી નોંધ | ૧૨૯ |
| ૩૬ | જાહેર રીપોર્ટ | ૧૩૦ |
| ૩૭ | સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા બાબતે વડોદરા પોલીસ સ્ટેશનને કરેલ રીપોર્ટ | ૧૩૧ |
| ૩૮ | ટેલીફોન વર્ધીઓ | ૧૩૨, ૧૩૩ |

(૭) ત્યારબાદ વિ. સરકારી વકીલશ્રીએ આંક– ૧૩૪ થી ફરીયાદપક્ષનો પુરાવો પુર્ણ થયેલાની પુરશીસ તા.૧૯/૧૧/ ૨૦૨૨ ના રોજ આપેલી છે.

(૮) ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીઓનો વિશેષ ખુલાસો ક્રિ. પ્રો.કોડની કલમ–૩૧૩ હેઠળ લેવામાં આવેલ છે. આરોપીઓ સામે જે આક્ષેપો કરવામાં આવેલા છે. તે તમામ આક્ષેપોનો આરોપીઓએ ઈન્કાર કરેલો હતો. બચાવ તરફે આરોપીઓએ કોઈ સાક્ષી તપાસેલા નથી કે સોગંદ ઉપર પુરાવો રજૂ કરેલો નથી. વિશેષમાં આરોપી નંબર–૧ નાઓએ એવી રજુઆત કરેલી કે અમારી પાસેથી કે અમારા કબજાવાળા મકાનમાં કોઈ ગુનાહીત ચીજવસ્તુ મળેલી નથી. અમો કબ્રસ્તાન પાસે આવેલ મકાનમાં રહેતાં નથી. અમારી માલીકી કબજા ભોગવટાવાળી નથી. પોલીસે રાજકીય રીશ રાખી અમારી ઉપર બીનવારસી મુદમાલ બતાવી ખોટા કાગળો ઉભા કરી, ડરાવી, ધમકાવી ખોટો કેસ કરેલ છે. અમો તદ્દન નિર્દોષ છીએ. જયારે આરોપી નંબર–૨ નાઓએ એવી રજુઆત કરેલી કે અમો તદ્દન નિર્દોષ છીએ. અમારે આ ગુના બાબતે કોઈ લેવા દેવા નથી. અમો મુન્નાભાઈને ઓળખતા નથી. અમો પેટલાદ આવેલા નથી કે કોઈ ગાડીનો ઉપયોગ કરેલો નથી. અમારુ ખોટું નામ ઉભુ કરી

ખોટી રીતે આરોપી બનાવી , પોલીસે ખોટી રીતે સંડોવી, ખોટું ચાર્જશીટ કરેલ છે. આરોપી નં બર–૩ એ એવી રજુઆત કરેલી કે, ખોટો કેસ કરેલ છે. નિર્દોષ છીએ.

(૯) ત્યારબાદ બંને પક્ષના વિદવાન ધારાશાસ્ત્રીશ્રીઓની લંબાણપુર્વક મૌખિક દલીલો સાંભળવામાં આવી. આરોપીઓના વિધ્વાન વકીલશ્રી શેખે આંક–૧૪૦ થી લેખીત દલીલો રજુ કરેલી. જે દલીલો લેખીત સ્વરૂપે રેકર્ડમાં સામેલ હોય તેનું પુનરાવર્તન અત્રે કરતો નથી. જો કે આરોપીઓ તરફે જે જે બચાવો ઉપસ્થિત કરવામાં આવેલા છે તેની ચર્ચા જરૂર પડે કારણોમાં કરીશું.

(૧૦) આ કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે :–

(૧) :– શું ફરીયાદપક્ષ નિ:શંકપણે એવું પુરવાર કરે છે કે આરોપી મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈ નઝીરોદ્દીન કાઝીના પ્રત્યક્ષ અંગ જડતી તથા તેના રહેણાંકના મકાનમાંથી તા.૨૭/૦૩/૨૦૧૯ ના રોજ કલાક ૧/૦૦ ના સુમારે એસ.ઓ.જી. આણંદનાઓએ રેઈડ કરતાં તેઓના પોતાના અંગ કબજામાં એક પ્લાસ્ટીકની કોથળીમાં ચરસ કુલ ૩૪.૬૦૦ ગ્રામનો જથ્થો કુલ્લ કિંમત રૂપીયા ૩,૪૬૦/– તથા પોતાના કબજા ભોગવટાના રહેણાંક મકાનમાં આવેલ લાકડાના પેટી પલંગમાંથી એશીયન પેઈન્ટસ કલરની પાંચ કીલોની સફેદ કલરની ડોલમાં ૭૫૮.૨૬૦ ગ્રામ ચરસનો જથ્થો કિંમત રૂપીયા ૭૫,૮૨૬/–નો મુદામાલ મળી આવેલ. જે મુદ્દામાલ આરોપી નંબર–૨ અને આરોપી નંબર–૩ નોએ આરોપી નંબર–૧ નાઓને રાખવા માટે સોંપેલો હોય તે રીતે તમામ આરોપીઓએ એકબીજાની મદદગારી કરી એન.ડી.પી.એસની કલમ–૮(સી), ૨૦(બી)(૨)મુજબનો શિક્ષાને પાત્ર ગુનાઓ કરેલ છે ?

(૨) :– શું હુકમ ?

NEXT PAGE : 10

(૧૧) ઉપરોકત મુદ્દાઓના મારા નિર્ણયો નીચે મુજબ છે :–

(૧) નકારમાં.

(૨) છેવટના હુકમ મુજબ.

**– : : કા ર ણો : : –**

**મુદ્દા નંબર–૧ અને ૨ :–**

(૧૨) હાથ પરના કામે ફરીયાદપક્ષે તેઓનો કેસ પુરવાર કરવા માટે કુલ–૨૨ સાહેદોને તપાસેલાં છે તથા સાહેદો થકી ઢગલાબંધ દસ્તાવેજી પુરાવાઓ રજુ કરવામાં આવેલા છે.

(૧૩) સાહેદ નંબર–૧ વીશાલભાઈ ઈશ્વરભાઈ પટેલ તથા સાહેદ નંબર–૨ ગૌતમભાઈ ભીખાભાઈ ભોઈ કહેવાતી રેડ સમયના સ્વતંત્ર પંચ સાહેદો છે. ફરીયાદપક્ષના કેસ મુજબ રેડીંગ અધિકારી પી.આઈ. શ્રી વી.કે.ગઢવીનાઓએ રેડ દરમ્યાન હાલના બંને પંચ સાહેદોને સાથે રાખી રેડની સમગ્ર કાર્યવાહીનું તેઓની હાજરીમાં પંચોના લખાંવ્યા મુજબનું પંચનામું કરવામાં આવેલું. પંચોની હાજરીમાં એન.ડી.પી.એસ. એકટમાં કરવામાં આવેલી જોગવાઈઓના મેન્ડટરી ઠરાવ કરવામાં આવેલા હતાં. બંને પંચ સાહેદોનો પુરાવો જોવામાં આવે તો તેઓએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલું ન હતું. તેઓએ તે હકીકતનો ઈન્કાર કરેલો કે રેડની સમગ્ર કાર્યવાહી દરમ્યાન તેઓ હાજર હોય અને આરોપીઓના કબજામાંથી તેમજ કહેવાતા મકાનમાંથી મુદામાલ ચરસનો જથ્થો મળી આવેલો હોય. પંચ સાહેદોએ માત્ર પંચનામામા તેઓની સહીનો સ્વીકાર કરેલો હતો. બંને પંચ સાહેદોને ફરી ગયેલા સાહેદો જાહેર કરી લંબાણપુર્વકની ઉલટ તપાસ કરવા છતાં

પંચનામાની હકીકત તથા રેડ દરમ્યાનની કાર્યવાહી સ્વતંત્ર સાહેદોના રૂબરૂમાં કરવામાં આવેલ હોવાનું પુરવાર થઈ શકેલ ન હતું. પંચ સાહેદોએ તેઓની સહી કબુલ રાખેલી હોય અનુક્રમે આંક–૨૮ થી રેડ અંગેનું પંચનામું, આંક–૨૯ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ મુજબનો ઠરાવ, આંક–૩૦ થી એન.ડી.પી.એસ. એકટની કલમ–૫૦ મુજબનો ઠરાવ, આંક–૩૧ થી સીઝર મેમાની સ્થળપ્રત અને આંક–૩૨ થી આરોપીની અટક કર્યા બાબત અંગેની જાણ કરતી યાદી તથા મુદામાલમાંથી મળેલી પંચો સ્લીપો અનુક્રમે આં ક–૩૩ થી આંક–૩૬ સુધી રજુ થયેલી છે. રજુ થયેલા દસ્તાવેજો સાહેદ મારફતે પુરવાર થતાં ના હોય તેઓની ચર્ચા હવે પછી આગળના પેરામાં કરીશું.

**(૧૪)** સાહેદ નંબર–૮ મહેશભાઈ બીપીનભાઈ વસાવા અને સાહેદ નંબર–૧૧ ઉમરભાઈ જીમીભાઈ ભીસ્તી પંચ સાહેદો છે. તેઓની હાજરીમાં આરોપી તૌસીફબેગ ઉર્ફે પેન્ટોન ચાસીનબેગ ઉર્ફે મુનાભાઈ મીરજાની અટક કર્યા સબબનું તથા અટક સમયે કરવામાં આવેલ તેઓની શરીર સ્થીતીનું પંચનામું રજુ કરવામાં આવેલુ છે. જો કે આરોપીની જડતી કરતાં કોઈ ગુનાહીત ચીજ વસ્તુ કે આરોપી ગુનામાં સંકળાયેલો હોય તેવો પુરાવો મળી આવેલો ન હતો. સાહેદ મારફતે રજુ થયેલું પંચનામું પી.એસ.આઈ. શ્રી એમ.જે.બારોટની રૂબરૂમાં કરવામાં આવેલું. જો કે પંચ સાહેદોએ પંચનામાની હકીકતને સમર્થન કરેલું ન હતું. તેઓને ફરીયાદપક્ષે ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલાં. સાહેદ નંબર–૧૭ થી પી.એસ.આઈ. શ્રી એમ.જે.બારોટને તપાસાવમાં આવેલા છે. તેઓના પુરાવા મુજબ જે તે સમયે તા.૦૪/૧૦/૨૦૧૯ ના રોજ તેઓ આણંદ ખાતે પેરોલ ફરલો સ્કોવડમાં ફરજ બજાવતાં હતાં, ત્યારે ખાનગી બાતમીના રાહે હકીકત મળતાં આરોપી આણંદ નવા બસ સ્ટેશનની આગળ બગીચા આગળ ઉભો હતો, ત્યારે સી.આર.પી.સી. કલમ ૪૧(૧) આઈ મુજબનું અટક પંચનામું કરી આરોપી તૌસીફબેગ ઉર્ફે પેન્ટોન ચાસીનબેગ ઉર્ફે મુનાભાઈ મીરજાની ધરપકડ કરવામાં આવેલી. આરોપીની ધરપકડની સ્ટેશન ડાયરીમાં નોંધ કરવા માટે તેઓએ યાદી કરેલી. જે આંક–૧૦૨ થી રજુ થયેલી છે. સાહેદે સ્વીકારેલું કે તેઓ પાસે આરોપીની ધરપકડ કરવાનું વોરંટ ન હતુ. તેવી જ રીતે આરોપીની ધરપકડ

અને જડતી કરતાં પહેલા સાહેદે એન.ડી.પી.એસ. એકટમાં કરવામાં આવેલા મેન્ડટરી ઠરાવની પ્રોસીજર અપનાવેલી હોય તેવો પણ પુરાવો આવેલો નથી.

**(૧૫)** સાહેદ નંબર–૧૨ નરેશભાઈ રમેશભાઈ વસાવા ના પુરાવા મુજબ ડી.સી.બી. ક્રાઈમ બ્રાંચનાઓએ તેઓને તથા બીજા પંચ ધનરાજભાઈને આરોપીની ધરપકડ કરવા માટે પંચમાં રહેવા માટે બોલાવેલાં. તેઓની હાજરીમાં ઈશાક ઉર્ફે બાબાકી ધુમ ભીખુભાઈ ખલીફા કરીને એક ઈસમની ધરપકડ કરેલી, જેનું લખાણ કરવામાં આવેલું અને તેઓએ તે લખાણમાં સહી કરેલી. જે આંક–૮૫ થી ઓળખી બતાવી રજુ રાખેલ. ઉલટ તપાસ જોતાં પંચ સાહેદ અગાઉ પણ છ થી સાત પંચનામાઓમાં પંચ તરીકે રહેલાં હતાં ત્યારે તેઓનો પુરાવો સ્વતંત્ર પુરાવો ગણાય નહી. આંક–૮૫ થી રજુ થયેલું પંચનામું જોતાં તા.૨૮/૦૫/૨૦૧૯ ના રોજ વડોદરા શહેર ડી.સી.બી. ના પોલીસ કોન્સટેબલની રૂબરૂમાં આરોપી ઈશાક ઉર્ફ બાબાકી ધુમ ભીખુભાઈ ખલીફાની વડોદરા મોજે શીવાંગપુરી નાકા પાસે અકોટા ખાતે ધરપકડ કરવામાં આવેલી. જો કે ધરપકડ સમયે પંચનામામાં આરોપીની અંગ જડતીમાંથી કોઈ ગુનાહીત મુદામાલ કે આરોપીને ગુનામાં સાંકળતો કોઈ પુરાવો મળી આવેલો ન હતો. સાહેદ નંબર–૧૬ લાધુજી ઢગલાજી વણજારા ના પુરાવા મુજબ તેઓ વડોદરા શહેર ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં એ.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં, ત્યારે પોલીસ સ્ટાફના માણસો સાથે વડોદરા શહેરમાં તા. ૨૮/૦૫/૨૦૧૯ ના રોજ પેટ્રોલીંગમાં હતા તે દરમીયાન નાસતા ફરતા આરોપી ઈશાક ઉર્ફે બાબાકી ધુમ ખલીફાને બાતમીના આધારે ધરપકડ કરી વડોદરા ડી.સી.બી. પોલીસ સ્ટેશનમા લાવેલા અને તેનુ ચહેરા નીશાન પત્ર ભરી પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનને જાણ કરી આરોપીનો કબજો સોંપેલો. આ સાહેદના પુરાવામાંથી એવું બહાર આવતું નથી કે તેઓની હાજરીમાં આંક–૮૫ વાળું પંચનામું કરી આરોપીની ધરપકડ કરવામાં આવેલી હોય. સાહેદે સ્વીકારેલું કે કહેવાતી બાતમી કોન્સટેબલ જેનુલોદીન આબેદોદીનને મળેલી. તેઓએ સ્વીકારેલું કે તેમણે બાતમી અંગેનો રીપોર્ટ તૈયાર કરેલો પરંતુ તેમાં બાતમી આપનાર પોલીસનું નામ જણાવેલું ન હતું. જો કે આ બાતમી હાથ

પરના કામમાં રજુ કરવામાં આવેલી નથી. સાહેદનો પુરાવો સ્વીકારવામાં આવે તો પણ તે માત્ર આરોપીની ધરપકડ કર્યા સબબનો સીમીત પુરાવો છે.

(૧૬) સાહેદ નંબર–૯ વાસુદેવ હકુમલ છતવાણી અને સાહેદ નંબર–૧૦ રસીકભાઈ ડાહ્યાભાઈ રાઠોડ પંચ સાહેદો છે. તેઓની હાજરીમાં આરોપી ઈશાક ઉર્ફે બાબાકી ધુમ ભીખુભાઈ ખલીફા તથા તૌસીફ બેગ ઉર્ફે પેન્ટો યાસીનબેગ મીરઝાનાઓએ ગુનો કરતી વખતે વાપરેલ ફોર વ્હીલ ગાડી આરોપી તૌસીફ બેગના પિતા યાસીનમીંયા મહંમદ બેગ મીરઝાનાઓએ રજુ કરેલી. જે સબબનું મુદ્દામાલ વાહન કબજે લીધાનું આંક–૭૮ વાળુ પંચનામું રજુ થયેલું છે. આંક–૭૮ વાળું પંચનામું જોવામાં આવે તો તા.૧૦/૧૦/૨૦૧૯ ના રોજ પી.એસ.આઈ. શ્રી એન.એન. આહીરની રૂબરૂમાં ગુનો કરતી વખતે વાપરવામાં આવેલી ફોર વ્હીલ ગાડી નંબર જી.જે.૦૬.જેજે.૨૩૪૩ કબજે કરવામાં આવેલી. જો કે પંચ સાહેદો મારફતે આંક–૭૮ વાળું પંચનામું પુરવાર થયેલું ન હતું. સાહેદ નંબર–૨૦ નટરવભાઈ માધાભાઈ આહીરે રજુ કરેલો પુરાવો જોતાં તેમના પુરાવામાંથી માત્ર એટલું જ બહાર આવેલું કે જે તે સમયે નાસતાં ફરતાં આરોપી તૌસીફ બેગ ઉર્ફે પેતો ઉર્ફે મુનાભાઈ મીરજાની અને આરોપી ઈશાક ઉર્ફે બાબકી ધુમની પી.એસ.આઈ. શ્રી માંગરોલાનાઓએ વડોદરા ખાતે થી ધરપકડ કરી તેઓને સોંપવામાં આવતાં તેઓએ તપાસ સંભાળી, આરોપી તૌસીફ બેગ ઉર્ફે પેન્ટના પિતા યાસીનબેગ મહંમદ મીરજાએ સ્વખુશીથી એક લાલ કલરની મારૂતી –૮૦૦ ગાડી નંબર– જી.જે.૦૬.જેજે.૨૩૪૩ રજુ કરતાં તેઓએ આંક–૭૮ વાળું પંચનામું કરી ગાડી કબજે કરેલી. જો કે સાહેદે ફરીયાદપક્ષના કેસથી વિપરીત એવું સ્વીકારેલું કે તા.૨૭/૦૩/૨૦૧૯ ના રોજ તેઓ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.આઈ. તરીકે ફરજ ઉપર હાજર હતાં ત્યારે તેઓની હાજરીમાં પોલીસ કો. રાજનસીંહ બંસીધર આવેલા કે કેમ? તેનો ખ્યાલ નથી. તેવી જ રીતે પી.આઈ. શ્રી વી.કે. ગઢવીએ તેઓની હાજરીમાં કોઈ રેડ અંગેનું આયોજન કરેલ ન હતુ. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે બનાવ સ્થળ કયું હતું, બનાવ કેવી રીતે બનેલો

કે આરોપી પાસે થી શું મળી આવેલું તેની તેઓને કોઈ જાતમાહીતી નથી. સાહેદે સ્વીકાર કરેલો કે તેઓની તપાસ દરમ્યાન આરોપીઓના રીમાંડ મેળવવામાં આવેલા, પરંતુ બનાવ સબંધી કોઈ હકીકત ખુલેલી નહી કે પુરાવો મળી આવેલો નહી.

(૧૭) સાહેદ નંબર-૬ સૌરભ મહેન્દ્રરાય આચાર્ય જે તે સમયે મોબાઈલ ઈન્વેસ્ટીગેશન વાનના સાયન્ટીફીક અધિકારી હતાં. તેઓના પુરાવા મુજબ કન્ટ્રોલ તરફથી તા.૨૬/૦૩/૨૦૧૯ ના કલાક ૧૦/૦૦ વાગે ટેલીફોન વર્ધી મળતાં તેઓએ રેડ કરનાર પી.આઈ. શ્રી ગઢવીની હાજરીમાં રેડ સ્થળની મુલાકાત લીધેલી. જે રેડ સ્થળ મુસાફીર કબ્રસ્તાનની જગ્યામાં આવેલ રહેણાંક મકાન હતું. જયાં આરોપી નંબર-૧ રહેતો હતો. તે રેડ સ્થળની આગળ ખુલ્લી જગ્યા, ઉત્તર દીશામાં લોખંડનો દરવાજો પ્રવેશતા રૂમની અંદર લાકડાનો પેટી પલંગ હતો. તેઓના પુરાવા મુજબ રેડ પાડનાર અધિકારીએ તેઓને બનાવ ઈતિહાસથી વાકેફ કરેલાં અને પારદર્શક પ્લાસ્ટીકના કોથળામાં કાળાશ પડતો ઘેરા બદામી રંગનો વીશીષ્ટ વાસ ધરાવતો સહેજ પોચો રેજીનીયસો અનિયમીત આકારના કટકા તથા ભુકા સ્વરૂપનો પદાર્થ બતાવેલો. જે પદાર્થનું નારકોટીકસ કીટ ધ્વારા પરિક્ષણ કરતાં કેનાબીસ સટાઈવા પ્લાન્ટના ઘટક કેનોબીનોઈટસ હોવાનું જણાઈ આવેલું. તેવી જ રીતે એક એશીયન પેન્ટસ ના માર્કાવાળી પ્લાસ્ટીકની ડોલમાં પણ તેવો જ પદાર્થ હતો, જેનુ પરિક્ષણ કરતાં પરિણામ અગાઉ મુજબ સકારાત્મક મળેલું. તેઓએ સ્થળ પરિક્ષણની કાર્યવાહીનો અહેવાલ આંક-૬૭ વાળો તૈયાર કરી, પી.આઈ. શ્રી ગઢવીને સુપ્રત કરેલો. સાહેદે આંક-૩૯ અને આંક-૪૦ વાળા એફ.એસ.એલ. રીપોર્ટના આધારે સદર પદાર્થ ચરસ હોવાની પુષ્ટી કરેલી. સાહેદના પુરાવા મુજબ તેઓ સ્થળ ઉપર રાત્રીના સવા અગીયાર વાગે પહોંચેલા. સાહેદે સ્વીકારેલું કે તેઓએ રજુ કરેલા રીપોર્ટ ઉપર કોઈ સ્વતંત્ર સાહેદોએ સહી કરેલી ન હતી. સાહેદે સ્વીકારેલું કે તેઓની હાજરીમાં મુદામાલ ચરસ સ્થળ ઉપર પ્લાસ્ટીકના ડબ્બામાં મુકી સીલબંધ કરેલા હોય તેવુ બનેલું ન હતું. જો કે સાહેદે મુદામાલ રાખવા માટેની પ્લાસ્ટીકની બરણી છે કે ડબ્બો તેનો ભેદ બતાવી શકેલા ન હતાં. આંક-૬૭ થી રજુ થયેલો

રીપોર્ટ સાહેદે આપેલા પુરાવાનો નીચોડ છે. જો કે સાહેદે રીપોર્ટમાં જે સુચનો કરેલા તેનું કોઈ પાલન થયેલું ન હતું. તેવી જ રીતે સ્થળ ઉપરનું અવલોકન સાહેદે જાતે કરેલું હોય તેવો પુરાવો નથી. પુરાવા મુજબ તેઓને રેડીંગ પી.આઈ. શ્રી ગઢવીએ બનાવની હકીકત જણાવેલી જે તેઓએ નોંધેલી.

(૧૮) સાહેદ નંબર–૭ નરેન્દ્ર ધનજીભાઈ નકુમ જે તે સમયે એસ.ઓ.જી., આણંદમાં પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓએ ગુનાની ફરીયાદ જાહેર કરેલી છે. તેઓના પુરાવામાંથી બહાર આવે છે કે તા.૨૬/૦૩/૨૦૧૯ ના રોજ પેટ્રોલીંગમાં ફરતાં ફરતાં પેટલાદ ચોકડી પાસે આવેલા, ત્યારે પોલીસ કોન્સટેબલ રાજનસીંહને બાતમી મળેલી કે આરોપી નંબર–૧ ચરસનો ગેરકાયદેસર વેપાર તેમના મુસ્લીમ કબ્રસ્તાનમાં રહેણાંકમાં કરે છે. પો.કો. રાજનસીંહે બાતમી લખી લીધેલી હોય તેવો કોઈ પુરાવો ફરીયાદી થકી જાહેર થતો નથી. ફરીયાદીના પુરાવા મુજબ તેઓ પેટલાદ પોલીસ સ્ટેશને ગયેલા અને પોલીસ સ્ટેશનમાં પી.આઈ. શ્રી ગઢવીએ લેખીત બાતમીનો રીપોર્ટ તૈયાર કરેલો. પી.આઈ. શ્રી ગઢવીએ બાતમી હકીકતનો રીપોર્ટ તૈયાર કરી પોલીસ અધિક્ષક શ્રી, આણંદને મુકામ પોલીસ કોન્સટેબલ દ્વારા મોકલી આપેલો. જો કે મોકલનાર પોલીસ કોન્સટેબલનું નામ જણાવેલું ન હતું. સાહેદના પુરાવા મુજબ બાતમી પોલીસ અધિક્ષકશ્રીને મોકલ્યા સબબની સ્ટેશન ડાયરીમાં એન્ટ્રી કરવામાં આવેલી હતી. બાદ પંચોને પોલીસ સ્ટેશને બોલાવવામાં આવેલાં. રેડ કરવા માટે સરકારી વાહન તથા ખાનગી વાહનમાં બાતમીવાળા સ્થળે રવાના થયેલાં. જ્યાં આરોપી નંબર–૧ હાજર હતાં. પંચોને હાજર રાખી કાર્યવાહી શરૂ કરેલી. એન.ડી.પી.એસ.એકટના ઠરાવ કરી આરોપી નંબર–૧ ની જડતી તપાસ કરેલી. આરોપી નંબર–૧ ના જમણા ખીસ્સામાંથી દોઢસો રોકડા, પેટલાદ કાઉન્સીલરનું આઈ કાર્ડ તથા ડાબા ખીસ્સામાંથી સેમસંગનો મોબાઈલ મળેલો અને નેફામાં ચેક કરતાં એક ડબ્બીમાં મુદામાલના કટકા મળેલા તેમના રહેઠાણની ચકાસણી કરતાં મુખ્ય ઓરડાના પેટી પલંગમાં એક એસીયન પેન્ટની ડોલ મળી આવેલી. જેની અંદર

પાંચ કાળા કલરના અલગ અલગ ગઠ્ઠાઓ પડેલા હતાં. સ્થળ ઉપર થી જ પી.આઈ. શ્રીએ એફ.એસ.એલ. ને હાજર કરવા કન્ટ્રોલ રૂમને જાણ કરેલી. રહેણાંકના મકાનની અંદર વજન કાંટો પણ મળી આવેલો. એફ.એસ.એલ.ના અધિકારી આવી જતાં સદર મુદામાલનું પરિક્ષણ કરતાં મુદામાલ ચરસ હોવાનું જણાયેલું. પોલીસ કોન્સટેબલ વજન કાંટા માટે સોનીને બોલાવી લાવેલાં. જેઓએ મુદામાલનું વજન કરેલું. આ સબબની તેઓએ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપેલી. જે આંક–૭૩ થી રજુ કરવામાં આવેલી છે. સાહેદનો પુરાવો જોવામાં આવે તો સાહેદે સીમીત પુરાવો રજુ કરેલો છે. તેઓના પુરાવામાંથી એવું બહાર આવેલું ન હતું કે સ્થળ ઉપર આરોપી મળી આવતાં તેની તથા તેના મકાનની અંગ જડતી કરવા માટે એન.ડી.પી.એસ.એકટની કલમ–૪૨ તથા ૫૦ મુજબના ઠરાવો કરવામાં આવેલા હોય, આ ઠરાવો સબબ આરોપીને સમજ પાડવામાં આવેલી હોય. તેવી જ રીતે આરોપીની જડતી માટે અલાયદા ગેઝેટેડ અધિકારી સમક્ષ તેઓ તેમની જડતી કરાવવા માટે સ્વતંત્ર અધિકાર ધરાવે છે તેવી સમજ આપેલી હોય તેવો પુરાવો સાહેદના પુરાવમાાંથી બહાર આવેલો નથી. સાહેદના પુરાવામાંથી આરોપીને એન.ડી.પી.એસ. એકટમાં આપવામાં આવેલા ઓપ્શનની આરોપીને સમજ કરવામાં આવેલી હોય તેવો પુરાવો આવેલો નથી. તેવી જ રીતે સ્થળ ઉપર ઠરાવો કરી આરોપીની સહી લીધેલી હોય તેવુ પણ ફરીયાદીના પુરાવામાંથી બહાર આવેલું નથી. આમ, ફરીયાદીના પુરાવામાં એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ તથા ૫૦ મુજબના મેન્ડીટરી પ્રોવીઝનો હેઠળ કાર્યવાહી કરવામાં આવેલી હોય અને આરોપી સામે ફરીયાદ જાહેર થયેલી હોય તે સબબનો મહત્વનો પુરાવો આવી શકેલો નથી. ચોકકસ આંક–૭૩ થી રજુ થયેલી ફરીયાદમાં આ સબબની હકીકતોનો ઉલ્લેખ કરવામાં આવેલો છે. પરંતુ માત્ર ફરીયાદ દાખલ કરી દેવા થી ફરીયાદના કથનો આપો આપ વંચાણે લઈ શકાય નહી. ફરીયાદ સબસ્ટન્શીયલ પુરાવો નથી. બચાવપક્ષે ફરીયાદીને પડકારેલાં હતાં. ફરીયાદીની ઉલટ તપાસ જોતાં પણ ફરીયાદીને રેડ સબંધી વીસ્તૃત અંગત જ્ઞાન હોય તેવુ બહાર આવી શકેલું ન હતું અને ફરીયાદીએ સ્વીકારેલું કે તેઓએ આપેલી ફરીયાદ રાઈટરે લખેલી હતી. કહેવાતી ફરીયાદ કોણે અને કેટલા વાગે ટાઈપ કરેલી તે સબબ તેઓને કોઈ જ્ઞાન ન હતું. સાહેદે સ્વીકારેલું કે કહેવાતી

રેડ સમયે આરોપીએ નાસી જવાનો કોઈ પ્રયત્ન કરેલો ન હતો. તેવી જ રીતે કહેવાતું રેડ વાળું મકાન આરોપીની માલીકી કબજાનું હોય તે અંગેનો કોઈ દસ્તાવેજો ચકાસેલા ન હતા. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે કહેવાતી રેડ સમયે પી.આઈ. શ્રી ગઢવી તેમના રાઈટર અનિરૂધ્ધસિંહ પાસે લખાણ લખાવતાં હતાં તે સ્વહસ્તાક્ષરમાં હતું કે લેપટોપમાં હતું તેનું કોઈ જ્ઞાન ન હતું. મુદામાલ સીઝર અને સીલીંગની કાર્યવાહી કોણે કરેલી તે તેઓને યાદ નથી. સમગ્ર ઉલટ તપાસ જોવામાં આવે તો બનાવ વખતે થયેલી કાર્યવાહી સબબ સાહેદે હકારાત્મક પુરાવો રજુ કરેલો નથી. તેઓએ પુરાવામાં તેમની હાજરીમાં થયેલી કાર્યવાહી સબબ તેઓને યાદ નથી કે જાણતાં નથી તેવા ઉત્તરો આપેલા છે. તે ઉપર થી એવું પુરવાર થઈ શકે નહી કે ફરીયાદીએ સ્થળ ઉપર ની તમામ કાર્યવાહી જોઈને ફરીયાદ જાહેર કરેલી હોય. ફરીયાદીએ મોઘમ પુરાવો રજુ કરેલો છે. જયારે આરોપી વિરૂધ્ધ ગંભીર આરોપોનું તહોમત હોય ત્યારે પુરાવો પણ તેટલી જ ગંભીરતા થી રજુ કરવો પડે. માત્ર ફરીયાદ દાખલ થઈ જવાથી આરોપી સામેની ટ્રાયલ પુરવાર થઈ શકે નહી. ફરીયાદીએ આ સબબ ઉલટ તપાસના એરણમાંથી પસાર થવું પડે અને જયાં જયાં પુરાવામાં ખામી રહેલી હોયકે શંકા ઉપસ્થિત કરવામાં આવેલી હોય તે શંકા અને ખામીનું સમાધાન દુર કરવાનો બોજો ફરીયાદપક્ષ ઉપર રહેલો હોય છે. ફરીયાદપક્ષના કેસ મુજબ ફરીયાદી શરૂઆતથી અંત સુધી રેડની કાર્યવાહીમાં સામેલ હતાં. તેઓ પી.એસ.આઈ. નો હોદ્દો ધરાવે છે તે જોતાં તેમના મારફતે રજુ થયેલો મોઘમ પુરાવો એ તરફ પણ ઈશારો કરે છે કે ફરીયાદ શંકાસ્પદ હોય અગર તો ફરીયાદીની હાજરીમાં કહેવાતી કોઈ રેડની કાર્યવાહી થયેલી જ ન હોય. આમ, ફરીયાદીનો પુરાવો આંક-૭૩ ની ફરીયાદ અને આરોપી સામેનું તહોમત જોતાં સુસંગત જણાઈ આવતો નથી.

**(૧૯)** ફરીયાદીની સાથે રેડીંગપાર્ટીના મહત્વના સાહેદ પી.આઈ. શ્રી વીષ્ણુદાન ખુમદાન ગઢવી ની રાહબરી હેઠળ રેડની તમામ કાર્યવાહી કરવામાં આવેલી હતી. શ્રી વીષ્ણુદાનને સાહેદ નંબર-૨૧ થી તપાસેલાં છે. તેઓના પુરાવામાંથી ફરીયાદીએ આપેલા પુરાવાની વિગતો જણાઈ આવે છે. તેઓએ પણ સ્વીકારેલું કે પોલીસ કોન્સટેબલ રાજનભાઈ બંસીધરને બાતમી મળેલી હતી. જો કે પ્રસ્તુત કામમાં ફરીયાદપક્ષે રાજનભાઈ

બંસીધરને તપાસેલા નથી. સાહેદના પુરાવા મુજબ બાતમીની હકીકત પી.આઈ. શ્રી ગઢવીએ તેઓના સ્વહસ્તાક્ષરમાં લખી રીપોર્ટ તૈયાર કરેલો. તેઓએ પોલીસ કોન્સટેબલ અનિરૂધ્ધસિંહ મારફતે બાતમીની હકીકતનો રીપોર્ટ પોલીસ અધિક્ષકશ્રી આણંદને મોકલી આપેલો હતો. પોલીસ કોન્સટેબલ અનિરૂધ્ધસિંહ તુરંત જ બાતમી રીપોર્ટ લઈ પોલીસ અધિક્ષકશ્રી સમક્ષ રીપોર્ટ સુપ્રત કરવા રવાના થયા હોય તેવો પુરાવો નથી. ફરીયાદપક્ષે પોલીસ કોન્સટેબલ અનિરૂધ્ધસિંહને આ સબબ તપાસેલા પણ નથી. એન.ડી.પી. એસ.એકટની મેન્ડેટરી જોગવાઈ મુજબ ખાનગી બાતમી જે સ્થળે જેને મળે તેણે તુરંત નોંધી લઈ તેના ઉપલી અધિકારીને આ હકીકતથી વાકેફ કરવાના હોય છે. પ્રસ્તૃત કેસમાં બાતમી જાહેર કરનાર પોલીસ કોન્સટેબલે બાતમીની લેખીત નોંધણી કરેલી હોય તેવુ બનેલું નથી. તેથી ચોકકસ કહી શકાય કે એન.ડી.પી.એસ.એકટની મેન્ડેટરી જોગવાઈનો ભંગ થયેલો છે. સાહેદના પુરાવા મુજબ રેડ દરમ્યાન બનાવ સ્થળે પહોંચતા આરોપી મળી આવેલાં. આરોપીને તેઓને મળેલી બાતમી હકીકતથી વાકેફ કરી તેમની જડતી તપાસ કરવાની તેમના હકક સબંધી તેમને જાણ કરેલી. એન.ડી.પી.એસ.એકટની કલમ–૪ર મુજબના ઠરાવ કરેલાં. ઠરાવ ઉપર આરોપીની સહી લીધેલી. આરોપીને સમજ કરેલી કે તેઓ વર્ગ–ર ગેઝેટેડ કક્ષાના અધિકારી છે. આરોપી અન્ય કોઈ મેજીસ્ટ્રેટ સાહેબ અથવા ગેઝેટેડ અધિકારી મારફતે જડતી કરાવવા માંગતા હોય તો તેઓ તેની વ્યવસ્થા કરી આપશે. આરોપીએ સંમતી આપતા એન.ડી.પી.એસ. એકટની કલમ–પ૦ મુજબનો ઠરાવ કરી આરોપીને સમજ કરી ઠરાવની એક નકલ આરોપીને આપી આરોપીની પંચો રૂબરૂ જડતી તપાસ કરેલી. રેડીંગપાર્ટીના પી.આઈ. શ્રીએ જે પુરાવો રજુ કરેલો છે તે દરમ્યાન પંચો તથા ફરીયાદી પણ હાજર હતાં. જો કે પંચો અને ફરીયાદીએ તેઓના પુરાવામાં એન.ડી.પી.એસ. એકટની કલમ–૪ર અને કલમ–પ૦ ના મેન્ડેટરી પ્રોવીઝનનો સચ્ચાઈ પુર્વક તેઓની હાજરીમાં ઠરાવો કરીને પાલન કરેલું હોય તેવો પુરાવો આવેલો ન હતો. સાહેદના પુરાવા મુજબ આરોપી ના કબજામાંથી તેમજ સ્થળ ઉપરના મકાનના પેટી પલંગમાંથી મુદામાલ ચરસ મળી આવેલો હતો. સ્થળ ઉપર વજનકાંટા વાળા ભાઈને બોલાવેલા, સ્થળ ઉપર ઈલેકટ્રીક વજન કાંટો પણ પડેલો હતો. વજનકાંટાવાળા ભાવેશભાઈએ મુદામાલનું વજન ૩૭.૬૦ ગ્રામ થતું

હોવાનું પ્રમાણપત્ર આપેલું. સ્થળ ઉપર એફ.એસ.એલ.ના અધિકારી આવેલા. તેઓએ મુદામાલ ચરસ હોવાની પુષ્ટી કરતાં સ્થળ ઉપર મુદામાલ સીઝ કરવામાં આવેલો. પી.આઈ. શ્રી નકુમે આ સબબની ફરીયાદ આપેલી. સાહેદે આંક–૧૧૭ થી બાતમીની સ્થળપ્રત રજુ કરેલી છે. જો કે બાતમી કેટલાં વાગે, કઈ જગ્યાએ મળેલી તેનો આંક–૧૧૭ ના દસ્તાવેજમાં ઉલ્લેખ કરેલો નથી. બાતમી પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં નોંધવામાં આવેલી હતી. પરંતુ જે તે સ્થળે, જે તે વ્યકિતએ શા માટે નોંધેલી ન હતી તેનો કોઈ ખુલાસો આવી શકેલો ન હતો. આંક–૧૧૮ થી રાજનસિંહ બંસીધરસિંહે તેઓને મળેલી બાતમીની જાણ કરતી યાદી પી.આઈ. શ્રી એસ.ઓ.જી. ને કરેલી છે. જો કે સાહેદોના મૌખીક પુરાવામાં થી એવું બહાર આવેલું ન હતું કે રાજનસિંહ બંસીધરસિંહે મળેલી માહીતી નોંધી લીધેલી હોય અને તુરંત જ પી.આઈ. શ્રી ગઢવીને લેખીતમાં જાણ કરેલી હોય. સાહેદના પુરાવા મુજબ બાતમી હકીકત રાજનસિંહને મળેલી અને કાર્યવાહી પી.આઈ. શ્રી ગઢવીએ કરેલી. રાજનસિંહે જે બાબતમી નોંધેલી છે તે સબબ તેઓએ મૌખીક પુરાવો રજુ કરેલો નથી. આંક–૧૧૯ થી બાતમીની જાણ પોલીસ અધિક્ષકશ્રીને કરેલા પત્રની સ્થળપ્રત છે. આંક–૧૨૦ સ્ટેશન ડાયરીમાં નોંધ કરવાની યાદી છે. આંક–૧૨૧ થી ગુનો દાખલ કરવાની યાદી છે. આંક–૧૨૨ થી એફ.એસ.એલ. અધિકારીને સ્થળ ઉપર હાજર કરવા માટે ટેલીફોન વર્ધી છે. બચાવપક્ષે સાહેદ શ્રી ગઢવીને પડકારી લંબાણપુર્વકની ઉલટ તપાસ કરેલી છે. સાહેદે સ્વીકારેલું કે તપાસ કરનાર અધિકારીએ તેઓનું કોઈ નીવેદન લીધેલ ન હતું. સાહેદે સ્વીકારેલું કે તેઓની લોગ બુક કે તેનો ઉતારો મેળવેલો ન હતો. સાહેદે સ્વીકારેલું કે પોલીસ કોન્સટેબલ રાજનસિંહ બંસીધરને પેટલાદ ચોકડીએ બાતમી મળી હોય તેવી બાતમીમાં બાતમી સ્થળનો ઉલ્લેખ કરેલો નથી કે તુરંત જ સ્થળ ઉપર થી ઉપરી અધિકારીને જાણ કરેલ કે બાતમી મોકલેલી હોય તેવુ બનેલું ન હતું. સાહેદે સ્વીકારેલું કે તેઓના સરકારી વાહનમાં વાયરલેશની સુવીધા હતી, મોબાઈલ ફોન હતાં. સાહેદે સ્વીકારેલું કે પોલીસ કોન્સટેબલ રાજનસિંહ બંસીધરે પેટલાદ કોલેજ ચોકડી ઉપર બાતમીની મૌખીક વાતચીત કરેલી. સાહેદે એ વાતનો ઈન્કાર કરેલો કે સ્થળ ઉપર એટલે કે પેટલાદ ચોકડી પાસે તેઓને ગુપ્ત માહીતી પ્રાપ્ત થયેલી ના હોય, તેઓએ આવી બાતમી સબબ સ્થળ ઉપર થી કોઈ

કાર્યવાહી કરેલી ન હોય. સાહેદે સ્વીકારેલું કે રેડ દરમ્યાન પોલીસ કોન્સટેબલ અનિરૂધ્ધસિંહ આવેલા નહી. જયારે ફરીયાદીના પુરાવા મુજબ સ્થળ ઉપર કરવામાં આવેલી કાર્યવાહીનું લખાણ પોલીસ કોન્સટેબલ અનિરૂધ્ધસિંહ કરતાં હતાં. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે કહેવાતી બાતમી ખાનગી મકાનની હોવા છતાં તેઓએ મકાનની જડતી કરવા માટે કોઈ વોરંટ મેળવેલું ન હતું. તેવી જ રીતે વોરંટ નહી મેળવવાના કોઈ કારણો પણ ટાંકેલા ન હતાં. સાહેદે સ્વીકારેલું કે તેઓએ પોલીસ અધિક્ષકશ્રી આણંદને બાતમી સબબ લેખીતમાં રીપોર્ટ કરેલો, જે રીપોર્ટ ગુનો દાખલ થયો ત્યાં સુધી પોલીસ અધિક્ષકને મળેલો કે કેમ તેની તેઓને જાણ ન હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે તેઓની રૂબરૂમાં તૈયાર કરવામાં આવેલા આંક–૨૮ વાળા પંચનામામા પ્રાથમીક પંચનામું કઈ તારીખે, કેટલા વાગે કરવામાં આવેલું તેવી જ રીતે કેટલા વાગે પુર્ણ કરવામાં આવેલુ તે નોંધેલું ન હતું. આંક–૨૮ વાળું પંચનામું જોવામાં આવે તો પંચનામું પુર્ણ કર્યાનો સમય પણ સમગ્ર પંચનામાની લખાણની સહી કરતાં અલગ પડતો હોય તેવુ જણાયી આવે છે. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે તેઓએ આરોપીને ગેઝેટેડ અધિકારી કલાસ–૧ અને કલાસ–૨ માં કોનો કોનો સમાવેશ થાય છે, તેની કોઈ માહીતી આરોપીને આપેલી ન હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે કહેવાતા સ્થળ ઉપર કોઈ ઈન્વેન્ટરી કે ફોટોગ્રાફસની કાર્યવાહી કરેલી ન હતી. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે આરોપી પાસેથી કબજે કરેલ મુદામાલ મોબાઈલ ફોનના કલર સબબ પંચનામા તથા ફરીયાદમાં મહત્વનો તફાવત જણાઈ આવે છે. પંચનામામા સેમસંગ ગોલ્ડ કલરનો મોબાઈલ જયારે ફરીયાદમાં સેમસંગ કાળા કલરનો મોબાઈલ દર્શાવેલ છે.

**(૨૦)** સાહેદ નંબર–૫ ભાવેશભાઈ ગીરીશભાઈ સોનીના પુરાવા મુજબ તા.૨૭/૦૩/૨૦૧૯ ના રોજ પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનથી તેઓના ઉપર રાત્રીના સમયે ફોન કરી વજન કરવા માટે આવવાનું છે તેવું જણાવતાં તેઓ રાત્રે દશ અગિયાર વાગે પહોંચી ગયેલા. જો કે કયા સ્થળે પહોંચી ગયેલા તે મૌખીક પુરાવામાં જણાવતા નથી. તેવી જ રીતે તેઓએ વજન કરી પ્રમાણપત્ર આપેલાનો પુરાવો આપે છે. જો કે તેઓના પુરાવામાંથી બહાર આવેલું ન હતું કે તેઓ વજન કાંટા સાથે સ્થળ ઉપર ગયેલા હોય, વજન

કરતાં કેટલું વજન થયેલું તેવો કોઈ પુરાવો આપતા નથી. માત્ર આંક–૬૪ થી આ સબબનું પ્રમાણપત્ર આપેલાનો પુરાવો આપે છે. આંક–૬૪ નું પ્રમાણપત્ર તેઓએ કયાં તૈયાર કરેલું તેનો પુરાવો નથી. આંક–૬૪ વાળું પ્રમાણપત્ર જોવામાં આવે તો સાહેદના લેટરપેડ ઉપર તૈયાર થયેલું પ્રમાણપત્ર છે. સાહેદના પુરાવામાંથી એવુ બહાર આવેલ ન હતું કે તેઓ સ્થળ ઉપર લેટર પેડ લઈને ગયેલા હતાં. પ્રમાણપત્ર જોતાં પ્રમાણપત્રમાં દર્શાવેલી વીગતો સબબનો મૌખીક પુરાવો રજુ થયેલો નથી. આંક–૬૪ ના પ્રમાણપત્રમાં તારીખ અને સમયનો ઉલ્લેખ કરેલો નથી. સાહેદની ઉલટ તપાસ જોતાં એવુ જણાઈ આવે છે કે કહેવાતા પદાર્થનું વજન કરી તેઓએ તેમના પારદર્શક બોકસમાં મુકીને સીલ મારેલું

**(૨૧)** સાહેદ નંબર–૩ રૂપલબેન જગદીશભાઈ વાયડા એફ.એસ.એલ. ગાંધીનગર ખાતે મુદામાલ પૃથ્થકરણ કરનાર અધિકારી છે. તેઓએ મુદામાલનો પૃથ્થકરણ કરી એવો અભીપ્રાય આપેલો કે તેવો સમક્ષ રજુ થયેલ મુદામાલનું પૃથ્થકરણ કરતાં એન.ડી.પી.એસ. એકટની વ્યાખ્યામાં ચરસ હોવાનું માલુમ પડેલ. જે રીપોર્ટ આંક–૩૯ થી રજુ કરવામાં આવેલો છે. આંક–૪૦ થી મુદામાલનું વાનસ્પતિક પૃથ્થકરણ કરતાં મુદામાલ કેનાલીસ છોડના વાનસ્પતિક ભાગો રોમ જોવા મળેલાં. તેવી જ રીતે આંક–૪૧ મુદામાલ પરિક્ષણનો ફોરવડીંગ લેટર છે. આંક–૪૨ અને આંક–૪૫ પૃથ્થકરણ કરતાં સમયે કરેલી ટેગ છે. જયારે આંક–૪૬ ફોરવડીંગ લેટર છે. બચાવપક્ષે સાહેદને પડકારેલાં. સાહેદની લંબાણપુર્વકની ઉલટ તપાસમાંથી એવુ બહાર આવી શકેલું ન હતું કે કહેવાતો પૃથ્થકરણ રીપોર્ટ વૈજ્ઞાનિક તથ્યો ને આધીન તૈયાર થયેલો ન હતો અગર તો સાહેદ ખોટો પુરાવો આપે છે. બચાવપક્ષે કેટલીક શંકાઓ ઉપસ્થીત કરેલી જો કે સાહેદનો પુરાવો જોતાં ઉભા કરેલા બચાવો કે શંકાઓનું સાહેદે સમાધાન કરેલું.

**(૨૨)** સાહેદ નંબર–૧૫ અને સાહેદ નંબર–૧૮ રમતુભાઈ શનાભાઈ સોલંકી છે. તેઓ જે તે સમયે પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં પી.એસ.ઓ. તરીકે ફરજ બજાવતા હતાં

ત્યારે એસ.ઓ.જી. પી.આઈ. શ્રી વી.કે.ગઢવીના રૂબરૂની પી.એસ.આઈ. એન.ડી નકુમ દ્વારા જાહેર થયેલી ફરીયાદ ગુનો રજીસ્ટર થવા સારૂ તેઓ સમક્ષ આવતાં તેઓએ ગુનો રજીસ્ટર્ડ કરી સુચિપત્ર તૈયાર કરેલું અને ગુનાની ટુંક હકીકત સ્ટેશન ડાયરીમાં ચઢાવેલી. જે સબબના તૈયાર થયેલા દસ્તાવેજો અનુક્રમે આંક-૯૩, આંક-૯૪, આંક-૧૦૪ અને આંક-૧૦૫ થી રજુ કરવામાં આવેલા છે. સાહેદે સ્વીકાર કરેલો કે સ્ટેશન ડાયરીમાં થયેલી ચેક-ચેકમાં સક્ષમ અધિકારીના હસ્તાક્ષર તેઓએ લીધેલા ન હતાં. સાહેદે સ્વીકારેલું કે તેઓએ ગુનો રજીસ્ટર્ડ કર્યા સીવાય અન્ય કોઈ કાર્યવાહી કરેલી ન હતી.

**(૨૩)** સાહેદ નંબર-૧૪ નીલોફરબેન બફાતીશા દિવાન જે તે સમયે પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ક્રાઈમ રાઈટર તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓને ગુનાનો મુદામાલ મળેલો. જે મુદામાલ તા. ૨૭/૦૩/૨૦૧૯ એ મુદામાલ રજીસ્ટર્ડમાં ચઢાવેલો અને મુદામાલ અનુક્રમ નંબર-૧૪ નો ક્રમ-૪ તથા ક્રમ-૭ વાળો મુદામાલ રાસાયણીક પૃથ્થકરણ કરવા સારુ સી.એ. ફોર્મ સાથે અનાર્મ પોલીસ કોન્સટેબલ નીરંજનભાઈ રમણભાઈને આપેલો. જે મુદામાલ તા.૧૬/૦૫/૨૦૧૯ ના રોજ પોલીસ કોન્સટેબલ અરૂણકુમાર સુખલાલ પરત લાવેલાં અને તમામ મુદ્દામાલ તા.૨૩/૦૭/૨૦૧૯ ના રોજ કોર્ટમાં જમા કરવા સારૂ મોકલી આપેલો. બચાવપક્ષે સાહેદની જુબાની પડકારેલી. જો કે મહત્વનો કોઈ વિરોધાભાષ જણાઈ આવતો નથી.

**(૨૪)** સાહેદ નંબર-૧૩ નિરંજનકુમાર રમણલાલ પરમારના પુરાવા મુજબ તા. ૨૭/૦૩/૨૦૧૯ ના રોજ પેટલાદ ગુના રજીસ્ટર નંબર-૫૧/૨૦૧૯ ના કામે કબજે કરેલ મુદામાલ પૃથ્થકરણ સારૂ ક્રાઈમ રાઈટર નીલોફર બફાતીશાએ તેઓને મુદામાલના બે સેમ્પલો તથા સી.એ. ફોર્મ સોંપતા તેઓ રૂબરૂમાં એફ.એસ.એલ. કચેરી ગાંધીગનર ખાતે સુપ્રત કરી આવેલા. જે બદલ તેઓએ પહોંચ મેળવેલી. સાહેદના પુરાવામાંથી એવુ બહાર આવેલું કે બીજા દીવસે મુદામાલ સોંપ્યાની પાવતી પી.આઈ. શ્રી ગોહેલને સોંપલી અને તપાસના કામે તેઓએ તેમનો જવાબ લીધેલો.

**(૨૫)** સાહેદ નંબર–૪ ગીરીરાજ બહાદુરસિંહ ડોડીયા છે. તેઓ એસ.પી. ઓફીસમાં રીડર પી.એસ.આઈ. તરીકે ફરજ બજાવતાં હતાં. તેઓના પુરાવા મુજબ તેમની ઓફીસમાં ગુનાની ટ્રાયલનો પુરાવા આપવા સબબનો સાહેદ સમન્સ આવતાં પોલીસ અધિક્ષકશ્રીએ તેઓને આ સબબ અધિકૃત કરેલાં. તેઓ આ સબબના તેમની કચેરીમાંથી દસ્તાવેજો લાવી પુરાવામાં રજુ કરેલા છે. જેમાં અનુક્રમે આંક–૫૮ થી પી.આઈ. શ્રી ગઢવીનો સફળ રેડ અંગેનો રીપોર્ટ પોલીસ અધિક્ષકશ્રીની કચેરીએ કરેલો અસલ રીપોર્ટ, આંક–૫૯ થી બાતમીની જાણ કરતો પત્ર, આંક–૬૦ થી બાતમી અહેવાલ ઓળખી બતાવી રજુ કરેલા છે. રજુ થયેલા લેખીત આધારો જોવામાં આવે તો તે આધારો ને પોલીસ અધિક્ષકશ્રીની કચેરીના ઈન્વર્ડ રજીસ્ટરથી રીસીવ કર્યાનું જણાઈ આવે છે. જો કે પોલીસ અધિક્ષકશ્રીએ બાતમીની જાણ કરતા રીપોર્ટમાં કોણે કેવી રીતે કાર્યવાહી કરવાની છે તે સબબ કોન્ગનીજન્સ લઈ કોઈ હુકમ કરેલો હોય તેવુ જણાઈ આવતું નથી.

**(૨૬)** સાહેદ નંબર–૧૯ સુરેન્દ્રસિંહ ગણપતસિંહ માંગરોલાએ ગુનાની તપાસ કરેલી છે. તેઓના પુરાવા મુજબ તેમના પુરોગામી શ્રી ડી.એસ.ગોહેલે મોટાભાગની તપાસ પુર્ણ કરેલી હતી. તેઓએ આરોપી ઈશાક ઉર્ફે બાબાકી ધુમનો કબજો ડી.સી.બી. ક્રાઈમબ્રાચ, વડોદરા પાસેથી મેળવેલો તથા રીમાન્ડ મેળવી તપાસ પુર્ણ કરી તેના વિરૂધ્ધ ચાર્જશીટ કરેલું. તેવી જ રીતે આરોપી તોસીફબેગ ઉર્ફે પેન્ટો યાસીનબેગ ની તપાસ શ્રી આહીર સંભાળતા હતાં, પી.એસ.આઈ. શ્રી આહીરને પ્રમોશન આવતાં તપાસ તેઓએ સંભાળી લીધેલી. સાહેદની ઉલટ તપાસ જોતાં તેઓએ આ ગુનાની મહત્વની તપાસ કરેલી હોય કે પુરાવો એકઠો કરેલો હોય તેવુ જણાઈ આવતું નથી. તેઓએ ગુનાના કાગળોનો ઉંડાણપુર્વક અભ્યાસ કરેલો હોય તેવુ જણાઈ આવતું નથી. સાહેદે સ્વીકારેલું કે સહ આરોપીના નીવેદન સીવાય તેઓની પાસે આરોપી સામે ચાર્જશીટ કરવાના સ્વતંત્ર પુરાવા મળેલા ન

હતા. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે આરોપીઓની અટક કરતાં પહેલા એન.ડી.પી.એસ. એકટની કલમ–૪૨ અને કલમ–૫૦ મુજબની તેઓએ કોઈ કાર્યવાહી કરેલી ન હતી.

**(૨૭)** સાહેદ નંબર–૨૨ દશરથસિંહ સંગ્રામસિંહ ગોહીલ તપાસ કરનાર અધિકારી છે. તેઓએ લાગતા વળગતા સાહેદો, વજન કાંટાવાળા ઈસમના નીવેદનો લીધેલાં અને આરોપી સામેની તપાસ પુર્ણ થતાં ચાર્જશીટ કરેલું. સાહેદે તપાસ દરમ્યાન એકઠાં કરેલા દસ્તાવેજી આધારો અનુક્રમે આંક–૧૨૮ થી આંક–૧૩૩ વાળા રીફર કરી કામમાં દાખલ કરેલા. ઉલટ તપાસમાં સાહેદે સ્વીકારેલું કે તપાસ મળ્યા બાદ કહેવાતી બાતમીવાળા સ્થળ આગળ તપાસ કરવા ગયેલા નહી. તેઓએ મહત્વના સાહેદ પી.આઈ.શ્રી વી.કે.ગઢવીનો કોઈ જવાબ લીધેલો ન હતો. તેઓએ સ્વીકારેલું કે એસ.પી. ઓફીસ આણંદ થી ગુનાને લગતા આવક અને જાવકના ઉતારા મેળવેલા ન હતાં. બાતમીની હકીકત ડી.એસ.પી. કચેરીં દને આપેલી હોય તેના પુરાવાઓ કામમાં સામેલ રાખેલા ન હતાં. જે સરકારી વાહનોના ઉપયોગ થયેલા તેની કોઈ લોગ બુક કબજે લીધેલી ન હતી. સાહેદે સ્વીકારેલું કે કહેવાતી ગુનાવાળી જગ્યા આરોપીની માલીકી કબજા ભોગવટા ની હોય તેનો કોઈ દસ્તાવેજી પુરાવો કે સક્ષમ ઓથોરીટી પાસેથી પુરાવાઓ એકઠા કરેલા ન હતાં. સાહેદે એ વાતનો સ્વીકાર કરેલો કે મુદામાલ સીલ સબંધી મુદામાલ વેરીફીકેશન કરેલું ન હતું.

**(૨૮)** સમગ્ર પુરાવાના અંતે વિધ્વાન ડી.જી.પી.શ્રીએ ભારપુર્વકની મૌખીક રજુઆત કરેલી કે આ કામના આરોપી નંબર–૧ બીનઅધિકૃત રીતે ચરસનો કબજો ધરાવે છે તેવી માહીતી પોલીસ કોન્સટેબલ રાજવીરસિંહને મળતાં તેઓએ બાતમીની જાણ તુરંતજ તેમના પી.આઈ. શ્રી ગઢવીને લેખીતમાં કરેલી. જે અનુસંધાને પી.આઈ. શ્રી ગઢવીએ પોતાના શબ્દોમાં બાતમી નોંધી લઈ તુરંત ડી.એસ.પી. કચેરી આણંદને મુકામ પોલીસ મારફતે મોકલી આપેલી અને રેડ પાડવા માટે પંચોને સાથે રાખી આરોપીના રહેણાંકના સ્થળે પહોંચેલા. એન.ડી.પી.એસ.એકટની કલમ–૪૨ અને કલમ–૫૦ ના ઠરાવ કરવામાં

આવેલા. આરોપીની અંગ જડતી કરતાં તેમજ આરોપીના મકાનની જડતી કરતાં મુદામાલ ચરસ મળી આવેલો. તુરંત જ સ્થળ ઉપર વજનકાંટાવાળા ભાઈ તથા એફ.એસ.એલ. સ્થળ પરિક્ષણના અધિકારીને બોલાવવામાં આવેલા. એફ.એસ.એલ.ના અધિકારીએ પરિક્ષણ કરી સદરહુ મુદામાલ ચરસ હોવાનો અભીપ્રાય આપેલો. વજનકાંટાવાળા તોલાર્ટે મુદામાલનું વજન કરી તેઓનું પ્રમાણપત્ર આપેલું. આરોપીઓને આપવામાં આવેલા ઠરાવોની નકલ આરોપીઓને આપી ગુનાની ચકાસણી અને ગંભીરતા સબબ કાયદાના મેન્ડેટરી પ્રોવીજનોનો ખ્યાલ આપેલો. આ તમામ પ્રક્રિયાના અંતે પી.એસ.આઈ. શ્રી નકુમે ફરીયાદ આપેલી. તપાસ દરમ્યાન કહેવાતો મુદામાલ ચરસ હોવાનું એફ.એસ.એલ. ધ્વારા થયેલ પૃથ્થકરણમાં પૃષ્ટી મળેલી. જે સબબ લાગતા વળગતા તમામ સાહેદોએ હકારાત્મક અને એકબીજાથી સુસંગત પુરાવો આપેલો હોય આરોપીઓને ગુનામાં દોષીત ઠરાવવા ભારપુર્વક રજુઆત કરવામાં આવેલી.

(૨૯) જયારે આનાથી વીપરીત આરોપીઓના વિધ્વાન વકીલશ્રીએ આંક-૧૪૦ થી લંબાણપુર્વકની લેખીત દલીલો રજુ કરી તપાસ દરમ્યાન રહેલી બેદરકારીઓ અને પુરાવાઓની તૃટીઓ તરફ મારું ધ્યાન દોરેલું. આરોપીઓ તરફે મુખ્ય બચાવ એવો હતો કે હાથ પરના કામમાં સ્વતંત્ર સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન કરેલ ન હતું. આરોપી નંબર-૧ ની જડતી તપાસ દરમ્યાન એન.ડી.પી.એસ. એકટની કલમ-૪૨ અને કલમ-૫૦ ના મેન્ડેટરી પ્રોવીઝનોનો ભંગ કરવામાં આવેલો હતો. જે મેન્ડેટરી પ્રોવીઝનના ઠરાવો રજુ થયેલા છે તેને એક પણ સાહેદોએ સમર્થન કરેલું ન હતું. સાહેદોનો પુરાવો મોઘમ હતો ત્યારે રજુ થતાં ઠરાવો પુરવાર થતા ના હોય આરોપીઓ વીરૂધ્ધની તપાસમાં મહત્વની ખામી હોય તેનો લાભ મેળવવા આરોપી હકકદાર છે. આરોપીઓના અન્ય બચાવ મુજબ જે મકાનમાં પોલીસે રેડ કરેલી તે મકાન આરોપીના કબજાનું હતું જ નહી. તે મકાનમાં કોણ રહે છે, કોની માલીકીનું છે તે સબબ ફરીયાદપક્ષે કોઈ હકારાત્મક પુરાવો રજુ કરેલો ના હોય આરોપીઓની રજુઆત ગ્ર

ાહ્ય રાખી આંક–૧૪૦ થી રજુ થયેલ લેખીત દલીલોમાં શોધેલા બચાવો ગ્રાહ્ય રાખી આરોપીઓને નિર્દોષ છોડી મુકવા રજુઆત કરવામાં આવેલી છે.

(૩૦) આરોપીઓ ઉપર એવું તહોમત છે કે આરોપી નંબર–૧ તેના રહેણાક મકાનમાં વેચાણ અર્થે બીન અધિકૃત રીતે ચરસનો જથ્થો રાખે છે, સદર બાતમી પોલીસ કોન્સટેબલ રાજનસિંહને મળેલી. જે બાતમી રાજનસિંહે લેખીતમાં નોંધી પોલીસ ઈન્સપેકટર એસ.ઓ.જી. એટલે કે તેમના ઉપલી અધિકારીને જાણ કરેલી. જે બાતમીની જાણ કરતો દસ્તાવેજ આંક–૧૧૮ થી રજુ થયેલો છે. આંક–૧૧૮ ની બાતમી સાહેદ રાજનસિંહે લખેલી છે અને તેઓને ગુપ્ત માહીતી મળેલી તે પુરવાર કરવા માટે સાહેદ રાજનસિંહ બંસીધર પુરાવો આપવા કહેડામાં આવેલા જ નથી. ટુંકમાં સાહેદ રાજનસિંહને કઈ તારીખે, કેટલા વાગે કયા સ્થળે બાતમી મળેલી તે સક્ષમ સાહેદ મારફતે પુરવાર થયેલું નથી. આ બાતમીની લેખીત નોંધ તૈયાર કરવામાં આવેલી છે પરંતુ તેને પડકારવા માટે બચાવપક્ષને તક આપેલી નથી. ચોકકસ બાતમી રીસીવ કરનાર પી.આઈ.શ્રી ગઢવીએ પુરાવો આપેલો છે. તેઓના પુરાવા મુજબ તા.૨૬/૦૩/૨૦૧૯ ના તેઓ પેટ્રોલીંગમાં હતાં તે સમયે તેમની સાથે પી.એસ.આઈ. નકુમ, પોલીસ સ્ટાફના માણસો રઈજીભાઈ, હાર્દીકભાઈ, આરીફમીંયા, મયંકભાઈ, નરેશભાઈ, નરસિંહભાઈ, રાજનસિંહ વીગેરેનાઓ હતાં . જો તેઓ એક વાહનમાં પેટ્રોલીંગમા નીકળેલા હોય તો આટલા બધા ઈસમો એક જ સરકારી વાહનમાં એક સાથે હોય તેવું પોલીસ કર્મચારીઓની સંખ્યા જોતાં માનવું મુશ્કેલ જણાઈ આવે છે. પોલીસ કોન્સટેબલ રાજનસિંહને માહીતી મળેલી એ માહીતી તેઓએ તુરંતજ નોંધી હોય તેવો આવા અન્ય સાહેદો મારફતે પુરાવો આવેલો નથી. આ સબબ ફરીયાદપક્ષે માત્ર ફરીયાદી અને રેડીંગપાર્ટીના સભ્ય શ્રી પી.આઈ.શ્રી ગઢવીને તપાસેલાં છે. તેઓના પુરાવા મુજબ સમગ્ર કાર્યવાહી પેટલાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં બેસીને કરવામાં આવેલી. રાજનસિંહની બાતમી પી.આઈ.શ્રી ગઢવીએ રીસીવ કરી પોતાના શબ્દોમાં નવેસરથી બાતમી નોંધી તેઓએ ડી.એસ.પી. કચેરી તરફ મોકલી આપેલી. જો કે ડી.એસ.પી. કચેરી તરફ મુળ બાતમી

મેળવનાર પોલીસ કોન્સટેબલ રાજનસિંહનો રીપોર્ટ શા માટે મોકલેલો નહી તે સબબ કોઈ ખુલાસો આવી શકેલો ન હતો. તેવી જ રીતે ગુનાવાળી જગ્યાએ રેડ કરવા માટે ફરીયાદપક્ષે બે સ્વતંત્ર પંચો તથા તોલાર્ટને હાજર રખાવેલા હતાં. બંને પંચોએ ફરીયાદપક્ષના કેસને લેશમાત્ર સમર્થન કરેલ ન હતું. જયારે તોલાર્ટનો પુરાવો જોવામાં આવે તો તેઓ કયા સ્થળ ઉપર, કેવી રીતે તેમનો ઈલેકટ્રીક કાંટો લઈને ગયેલા કે કેમ તેવો સ્પષ્ટ પુરાવો આવતો નથી. તેઓએ સ્થળ ઉપર કોને જોયેલા, કેટલા મુદામાલનું વજન કરેલું તેવો કોઈ પુરાવો રજુ થયેલો નથી. જો કે આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા નથી તે સંજોગોમાં અન્ય બે પંચ સાહેદ કે જેને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલા છે તેઓના પુરાવાને તોલાર્ટ ભાવેશભાઈના પુરાવામાંથી પુષ્ટી મળે છે. આમ, સાહેદ નંબર–૧ સાહેદ નંબર–૨ અને સાહેદ નંબર–૫ નો પુરાવો સલગ્ન વાંચવામાં આવે તો એવુ બહાર આવતું નથી કે પેટલાદ મદની ચોક પાસે આવેલા મુસાફરી કબ્રસ્તાન ની જગ્યામાં કહેવાતો મુદામાલ કબજે કરવામાં આવેલો હોય. આ ત્રણ સાહેદો સીવાય ફરીયાદપક્ષ જે સાહેદો ઉપર આધાર રાખે છે તે તમામ સરકારી સાહેદો છે. સાહેદ નંબર–૫ નો પુરાવો સ્વીકારવામાં આવે તો અન્ય પોલીસ સાહેદોના પુરાવા ઉપર શંકા લાવી શકાય છે. હું સભાન છું કે પોલીસનો પુરાવો માત્ર પોલીસ હોવાના કારણે ફેંકી દેવાય નહી. નામદાર સુપ્રિમ કોર્ટે ઘણા બધા કેસમાં ઠરાવેલ છે કે પોલીસનો પુરાવો વીશ્વસનીય જણાતો હોય તો સ્વીકારવો જોઈએ. પરંતુ આ કેસમાં સ્વતંત્ર સાહેદ નંબર–૫ નો પુરાવો પોલીસ સાહેદના પુરાવાથી સુસંગત નથી, તેથી સાહેદ નંબર–૫ ના પુરાવા ઉપર શંકા લાવવાને કોઈ કારણ નથી. પોલીસનો પુરાવો સ્વતંત્ર પુરાવો ગણી શકાય પરંતુ સાથો સાથ તે રસ ધરાવનાર સાહેદ તરીકે પણ ગણી શકાય અને રસ ધરાવનાર સાહેદનો પુરાવો સ્વતંત્ર પુરાવા સાથે સુમેળ આવતો ના હોય તો પોલીસનો પુરાવો અતિશય કાળજીથી તેમજ સાવચેતીથી અદાલતે જોવાનો હોય છે.

**(૩૧)** આ ઉપરાંત ફરીયાદપક્ષે આરોપી નંબર– ર અને ૩ સબબ જે સ્વતંત્ર સાહેદોને તપાસેલા છે, તે તમામ સાહેદો અનુક્રમે સાહેદ નંબર–૮ થી સાહેદ નંબર–૧ર નો પુરાવો જોતાં ફરીયાદપક્ષના તહોમતને સમર્થન મળી રહે તેવો લેશમાત્ર પુરાવો અગર તો આરોપી નંબર–ર અને આરોપી નંબર–૩ ની ગુનામાં સંડોવણી હોય તેવો પુરાવો રજુ થઈ શકેલો નથી. અગાઉ ચર્ચા કરી તેમ ફરીયાદીશ્રી નકુમનો પુરાવો પણ શંકુચીત અને મર્યાદીત જણાઈ આવે છે. તેઓએ એન.ડી.પી.એસ. કાયદામાં કરવામાં આવેલા મેન્ડેટરી જોગવાઈઓ સબબ સ્પષ્ટ અને પુરતો પુરાવો રજુ કરેલો નથી. તેઓના પુરાવામાંથી એવુ બહાર આવેલું ન હતું કે આરોપીઓને તેમના હકક સબંધી વાકેફ કરી તેની જાણ અને સમજ આપવામાં આવેલી હોય. તેવી જ રીતે તેઓને સ્થળ ઉપર કોણ દોરી ગયેલું તે સબંધેનો પુરાવો રજુ કરેલો નથી. ફરીયાદપક્ષે આ કામે ઢગલાબંધ પોલીસ સાહેદોને તપાસેલા છે. જેમા મુખ્યત્વે રેડીગ પાર્ટીના પી.આઈ.શ્રી ગઢવી તથા તપાસ કરનાર અમલદાર ગોહીલનો પુરાવો જોવામાં આવે તો આરોપીના રહેણાંક મકાનમાંથી મુદામાલ કબજે થયા નો કેસ લઈને આવેલા છે. જો કે સમગ્ર પુરાવો જોતાં કહેવાતું મકાન આરોપીના કબજામાં છે તે સબંધમાં લેશમાત્ર પુરાવો આવેલો નથી. સાહેદોના પુરાવામાંથી એવું બહાર આવેલ ન હતું કે કહેવાતા મકાનના માલીક આરોપી છે અગર તો આરોપી ભાડુઆત છે. તેવી જ રીતે મકાનમાં આરોપી કે અન્ય ઈસમો રહેતા હોય તે દર્શાવવા માટે પણ કોઈ પુરાવો આવેલો નથી. માલીકીના દસ્તાવેજો, નગરપાલીકના દસ્તાવેજો કે રેશનકાર્ડ રજુ થયેલું નથી. ત્યારે સ્થળ ઉપર ના મકાન સબબ વીશ્ર્વસનીય પુરાવો રજુ થયેલો નથી. અગર તો મકાનની આસપાસના રહીશોને પણ તપાસમાં આવેલા નથી. આ સંજોગોમાં પોલીસ સાહેદોનો પુરાવો સનાતન સત્ય હોય તેવું ઠરાવી શકાય નહી. ફરીયાદપક્ષ પાસે પુરાવો રજુ કરવાની તક હોય તેમજ તે પુરાવો અદાલતમાં નિર્ણય માટે જરૂરી હોય તેમ છતાં તે પુરાવો પડતો મુકવામાં આવે અને તપાસ દરમ્યાન તેની તપાસ કરવામાં ન આવે તે સંજોગોમાં ફરીયાદપક્ષ વિરૂધ્ધ અનુમાન દોરી શકાય છે. તપાસ કરનાર અધિકારીનો પુરાવો ઉંડાણપુર્વક જોતા આવા પુરાવાઓ શા માટે એકઠાં કરી રજુ કરવામાં આવેલા ન હતાં તે સબંધી કોઈ ખુલાસો પણ આવેલો ન હતો. આમ, ફરીયાદપક્ષ મહત્વનો પુરાવો રજુ ન કરે અને માત્ર પોતાના લાભનો પુરાવો જ રજુ

NEXT PAGE : 29

કરે તો ફરીયાદપક્ષ સામે વિરૂધ્ધનું અનુમાન દોરી શકાય છે. ફરીયાદપક્ષે અદાલત સમક્ષ સત્ય રજુ કરવાનું હોય છે. ફરીયાદપક્ષે એકઠા કરેલા તમામ પુરાવાઓ રજુ કરવાના હોય છે અને જેમાંથી અદાલતની ફરજ છે કે કચરો અને અનાજ જુદું તારવે. પરંતુ તે સબબનો પુરાવો જ રજુ કરવામાં ન આવે અગર તો જાણી જોઈને એવા સાહેદોને પડતા મુકવામાં આવે તો અદાલત પાસે માત્ર એક જ વીકલ્પ રહે છે, ફરીયાદપક્ષ વિરૂધ્ધ અનુમાન દોરવું. આ સબબ તપાસેલા તમામ પોલીસ સાહેદો કહેવાતા મકાનની માલીકી કે કબજા ભોગવટા સબબનો સહેજ પણ પુરાવો રજુ કરતાં નથી. ફરીયાદપક્ષે મુદામાલ પૃથ્થકરણ સબંધી જે પુરાવો રજુ કરેલો છે અને રજુ થયેલ પૃથ્થકરણના રીપોર્ટો જોતાં મુદામાલ સીલબંધ હાલતમાં એફ.એસ.એલ. કચેરીને મળી આવેલો હતો. જો કે આ સબંધમાં બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રી લંબાણપુર્વક ની ઉલટ તપાસ કરેલ છે. સીલ કેવી રીતે થયેલો, કેટલાં સીલ મારેલા હતાં, કયા ઓફીસરના સીલ હતાં તેવા અનેક પ્રશ્નો પુછેલા છે. પરંતુ જયારે એફ.એસ.એલ.ના સક્ષમ અધિકારીના પુરાવામાંથી એવુ બહાર આવેલ છે કે મુદામાલ સીલબંધ હાલતમાં અકબંધ હતો તો તે પુરતુ ગણી શકાય. આથી બચાવપક્ષના વિધ્વાન વકીલશ્રીની સીલ અને તે લગત જે પ્રશ્ન પુછેલા છે તેની ચર્ચા કરતો નથી. જો કે આરોપીઓએ આ સબંધમાં તેમની લેખીત દલીલમાં લંબાણપુર્વકના બચાવો શોધેલા છે પરંતુ હુ ઉપર જણાવી ગયો તે મુજબ ફરીયાદપક્ષ એ પુરવાર કરી શકેલ નથી કે આરોપી ની જડતી તપાસ કરતાં સમયે વીશ્વસનીય રીતે એન.ડી.પી.એસ. એકટના મેન્ડેટરી પ્રોવીઝનોનુ પાલન કરવામાં આવેલ હોય. તેવી જ રીતે આરોપીનું કહેવાતું જે મકાન હતું તેમા તેઓ કઈ હેશીયતથી હાજર હતા તે તમામ હકીકતો પુરવાર થઈ શકેલી નથી. ત્યારે ફરીયાદપક્ષ તેઓનો કેસ નિ:શંક પણે પુરવાર કરેલો હોય તેવુ માની શકાય નહી. તેવી જ રીતે અડધી રાતે આરોપીના ઘરે રેડ કરવા માટેના પણ જરૂરી આદેશાત્મક ઠરાવોનું પાલન થયેલું હોય તેવું પણ જણાઈ આવતું નથી. તેવી જ રીતે રેડ કરતાં પહેલાં વોરંટ નહી મેળવવાના કારણોની નોંધ કરેલી હોય તેવું પણ પુરાવામાં બહાર આવેલું નથી. તેવી જ રીતે સાહેદ નંબર-૬ સૌરભ આચાર્યાએ એફ.એસ.એલ. સ્થળ પરિક્ષણ સમયે તપાસ કરનાર અધિકારીને ફોટોગ્રાફી અને વિડીયોગ્રાફી કરવા સુચન કરેલું. જે અનુસં

ઘાને બનાવ સબબની રેડનું વિડીયોગ્રાફી કે ફોટોગ્રાફી કરેલો હોય તેવો પણ પુરાવો રજુ થયેલ નથી.

(૩૨) આરોપી નંબર–૨ અને આરોપી નંબર–૩ ઉપર મદદગારીનું તહોમત છે. આરોપી નંબર–૨ અને આરોપી નંબર–૩ સબબ ફરીયાદપક્ષે જે જે પંચનામાઓ અને પુરાવો રજુ કરેલો છે તેમાંથી ગુના સાથે સાંકળતો કોઈ પુરાવો બહાર આવી શકેલો નથી. સમગ્ર કાર્યવાહી કરવામાં આવેલી છે તે આરોપી નંબર–૧ પુરતી સીમીત છે. આરોપી નંબર–૨ અને આરોપી નંબર–૩ ની અંગજડતી અને ધરપકડ સમયે કોઈ મુદામાલ મળી આવેલો ન હતો. ટુંકમાં સમગ્ર પુરાવો જોતાં આરોપી નંબર–૨ અને આરોપી નંબર–૩ સામે સહેજ પણ ગુના સબંધી અને અગર તો મદદગારી સબબનું તહોમતનામું પુરવાર થતું નથી. સમગ્ર પુરાવો તથા આરોપીઓની લેખીત દલીલ જોવામાં આવે તો ફરીયાદપક્ષ આરોપીઓ સામે મુકેલ તહોમત ગુમાવે છે. પુનરાવર્તન સાથે ફરી જણાવું છું કે હાથ પરના કામે ફરીયાદપક્ષે ઢગલા બંધ સાહેદો તપાસેલાં છે પરંતુ આરોપીપક્ષે જે શંકાઓ ઉપર ધ્યાન દોરવામાં આવેલ છે તેનું સમાધાન કરવામાં નિષ્ફળ ગયેલા છે. એન.ડી.પી.એસ. એકટમાં આરોપી વિરૂધ્ધ અનુમાન કરવાની જોગવાઈ છે પરતું અનુમાન કરવા માટે ફરીયાદપક્ષે પ્રથમદર્શનીય પુરાવો રજુ કરવો પડે. હાથ ઉપરના કેસમાં જે પુરાવો રજુ થયેલો છે તેને આરોપીઓના વિધ્વાન ધારાશાસ્ત્રીઓએ ઉલટ તપાસ મારફતે છેદ ઉડાડેલો છે, શંકા ઉપિસ્થત કરેલ છે. ફરીયાદપક્ષના જ કેસ મુજબ કહેવાતા બનાવ સમયે સ્વતંત્ર સાક્ષીઓ તથા આરોપીના કબજા ભોગવટાના મકાન સબંધી દસ્તાવેજી પુરાવાઓ મળી શકે તેમ હતાં તે મેળવવાનો પ્રયત્ન કરેલો નથી. આરોપી નંબર–૧ સામે શંકા ઉપજાવનારો પુરાવો આવેલો છે. આરોપી નંબર–૧ સામેના પુરાવામાં બે દ્રષ્ટીકોણ સંભવીત હોય આરોપી નંબર–૧ ને શંકાનો લાભ આપવો તથા અન્ય આરોપીઓ સામે પુરાવાનો અભાવ હોય, તે સંજોગોમાં ફરીયાદપક્ષ તેવું પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે કે આ કામના આરોપીઓને એન.ડી.પી.એસ.એકટની કલમ–૮ સી, ૨૦(બી), ૨ (બી) તથા ૨૯ હેઠળના તહોમતનામા મુજબનો કોઈ ગુનો કરેલો હોય. આથી મુદા નંબર–૧ નો જવાબ હું નકારમાં ઠરાવી મુદા નંબર–૨ નો અંતિમ હું નીચે મુજબ ઠરાવું છું.

**-::હુકમ::-**

**૧.** ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-**૨૩૫(૧)** અન્વયે આ કામના આરોપી **મુન્તઝીરોદ્દીન ઉર્ફે મુન્નાભાઈ નઝીરોદ્દીન કાઝી,**રહે.પેટલાદ, મદનીચોક, મુસાફીર કબ્રસ્તાન જગ્યામાં, તા.પેટલાદ, જી.આણંદનાઓને એન.ડી.પી.એસ.ની કલમ-૮(સી), ૨૦(બી)(૨)ના ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે. જયારે આરોપી **ઈશાક ઉર્ફે બાબા કી ધુમ ભીખુભાઈ ખલીફા** રહે. અમીના મંજીલ, નવીચાલ, રેલ્વે સ્ટેશન પાસે, આણંદ હાલ રહે. સુબેદાર કમ્પાઉન્ડ અસ્મતભાઈ શેખના મકાનમાં, અકોટા, મું.તા.જી.વડોદરા અને આરોપી **તૌસીફબેગ ઉર્ફે પેન્તો યાસીનબેગ ઉર્ફે મુન્નાભાઈ મીરઝાં** રહે. જુના દાદર વ્હોરવાડ ગલી, આણંદ,તા.જી.આણંદનાઓને એન.ડી.પી.એસ.ની કલમ-૮(સી), ૨૦(બી)(૨)હેઠળના ગુનાઓમાં પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

**૨.** આ કામે નાસતાં ફરતાં આરોપી રહીમચાચા ઉર્ફે રહીમ છાતીને ચાર્જશીટના કોલમ નંબર-૨ માં નાસતાં ફરતાં આરોપી બતાવેલા હોય તેઓની વિરૂધ્ધની ટ્રાયલ બાકી હોય મુદ્દામાલ સબંધી કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**૩.** આરોપીઓના જામીનખત રદ કરવામાંઆવે છે અને જામીનદારોને જામીનગીરીમાંથી મુકત કરવામાં આવે છે. તેમજ આ કામના દરેક આરોપીએ અપીલ સમય સુધીના ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૪૩૭(એ) મુજબના રૂા.૧૦,૦૦૦/- (અંકે રૂપીયા દસ હજાર પુરા) ના જામીન આપવા.

હુકમ આજ તારીખ : **૦૮મી,** માહે **મે,** સને : **૨૦૨૪** ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કરવામાં આવ્યો.

**(સુનીલ એમ.ટાંક)**

તારીખ :- ૦૮ / ૦૫ / ૨૦૨૪ — સ્પેશ્યલ જજ (એન.ડી.પી.એસ),પેટલાદ

સ્થળ :- પેટલાદ. — **GJ-00586**